૫૮૨૨



શરાબના પરીણામ ખરાબ.

બોધ લેવાજોગ વારતા.

કીંમત, આઠ આના.

છપનાર—ગો૦ મ૦ હારવર.



ઐતહાસીક માસીક ચોપાનયું.

લવાજમ વરસે રૂ ૦ાા, પોસ્ટ મફત.

લવાજમ લીધા વના નામ નોંધીશું નહિ.

પ્રગટ કરનાર એમ. જે. પારસવાળા—સુરત.

જાહેરખબરનો ભાવ ૧ લીટીનો ૦)— હેન્ડબીલ વેહેંચાઈ રૂ.૧)

૧૯૫૨ની **કાથરી બુક** રૂ૦. **અજબ** તરેહવાર વાંચવાજોગ રમુજી, વારતાથી ભરપુર રૂ૦ા. **સદગુણી સુભદ્રા** એક વારતા કી.૦ા= **ઠોઠીના કપડું** લખવાની ચોપડી (ત્રણ વરસ સુધી ચાલે એટલી) ૦।= **પત્થરંગી ફકાલ** કીમત રૂ ૧) **સરખુંતી** અપ્સરાનું સરખુતાનો આબેહુબ ચીતાર દરશક વારતા રૂ૦ા **પાદશાહજાદી ફીરોજા** ની વારતા રૂ૦।= રમુજી વારતા સંગ્રહ ૦।

ઉપર લખેલી કોઈપણ ચોપડી ખરીદનારને **ઘણી ઓછી** કીમતે અને **સામટા સેટ રૂ ૧)** પોસ્ટ રૂ૦। એમ. જે. પારસવાળા સુરત

જાદુ સંગ્રહ ભાગ ૧લો ૦)— ભાગ ૨જો — સાથે ઈંદ્રજાલ અથવા મંત્ર વિદ્યા વિલાસ ૦।= હૈરતઅંગેઝ જાદુગર (ચિત્રો સાથે) રૂ૦ાા ગુજરાતી ઈંદ્રજાલ રૂ૦ા બોલાસે જાદુ ચાર ભાગ એકઠનો રૂ ૧, જાદુ કપટ મકાસ ભાગ ૧લો રૂ૧ાા, જાદુ કપટ મકાસ ભાગ બીજો રૂ ૨)

વિદ્યારથીઓ માટે વગર માસ્તરે ઈંગરેજીમાં વાત કરતું શીખી શકાય એવી ચોપડી **"ઈંગ્લીશ કન્વરસેશન"** જેમાં ઈંગરેજી ગુજરાતી વાક્યો શબ્દો ઉચ્ચાર સાથે પત્રો લખવાના નમુના આપેલા છે ૨૫૦ પાનાની ચોપડી કીમત રૂ. ૦ાા એમ. જે. પારસવાળા—સુરત

સુરતના ગુજરાતી તથા હીંદુસ્તાની ... બનાવનાર દાદાભાઈ ... તથા મહુરીમ ... સુરતવાળા—... વેલી ... વર્ણન ... સમજી ... શકતા નથી. કીમત રૂ. ૧) વેચનાર—**એમ. જે. પારસવાળા સુરત.**

...ની તથા ... કીંગ ...—... તથા ... આપેલી ... બનાવનાર ... ... કીમત ૧૦ આના.

જી. બી. નાઈક કંપનીના વીજળીની વીંટીઓ
પુતળીઓ, કડાં, લેખણું, ગળપટાઓ

૧૦,૧૦૦૦ જાત વેચાય છે. ખોટો માલ લેશો નહી.
દરેક માલપર રજીસ્ટર G. B. N. માર્ક તપાસી લેવો

લોહી એ મનુસ્યનું જીવન છે અને વીજળી એ લોહીનું જીવન છે.



લોહી ખરાબ થવાથી થનારા સર્વ પ્રકારના રોગો આ નાની જેવી અર્તી સગ-વડાટરોથી સારા થાય છે.—અશક્તપણું, સંધીવાયુ, શીઆળતવાયુ, અરધાંગવાયુ, પેટનું ફુલ દુખવું ખસકા—કળ, હાડકાનાં દુખાં, નપુંસક કમરનું દુ:ખ વગેરે, સોજા, વાઈ ફેફરૂં, હાંફ ચઢવું, ગળાનું રસી ફેલાના સુવારોગ ઈત્યાદિ બાળકોના રોગો, કમળાના દરદ, બધી જાતના ગાંઠો, આરસ્પાશીશી મસ્તકશુળ, મધાવરેમ, ડાંગાળો, ડાક ગળાનું સુજવું, સર્વે પ્રકારના રૂધીરના દાણાઓ. બોલવાનું ફાટવું, ઉધરસ અને આંખોના સુવાશયના રોગ, ખાંસી, દમ, કબજીઆત, પાંડુ ચામડીના દરદો, પ્રમેહ, અને નીરવ રોગ, આ ફ્યાટરી વાપરવાથી સારા થાય છે બાળકનાં ગળપટાં.—નાના બાળકોને દાંત આવતી વખતે થનારી ઈજા મટી જાય છે વીજળીનું લેખણું:—સ્મરણ શક્તિ અને મગજનું સુખ તેને માટે ડાકતર અને વઈદના ઉપાય કરી જે ગ્રહસ્થો નીરાશ થયા હોય તેઓએ જરૂર વાપરવાં. એમ. જે. પારેખવાલા—મું.

વીજળીના માલની કિંમત.

પીતળની વીંટી	કિં. ૧॥	પીતળની પુતળી	કિં રૂ. ૧॥
ચાંદીની વીંટી	કિં. ૩	ચાંદીની પુતળી	કિં. રૂ. [illegible]
સોનાની વીંટી	કિં. ૨૦	સોનાની પુતળી	કિં. રૂ. ૨૨
ધાતુનું લેખણું	કિં. ૧॥	ધાતુનું કડું	કિં. રૂ. ૧
રેશમી ગળપટા	કિં. ॥	કમર પટા	કિં. રૂ. ૬

એકથી ૬ સુધી ટપાલ ખર્ચ ૬ આના. એકદમ બાર નંગ લેનારને એક ? મળશે. રોકડા પઈસાથી અથવા વેલ્યુપેબલ પારસલથી મોકલવામાં આવશે. આ વીજળીના દાગીના વાપરવાથી અનેક રોગો ઉપર હજારો ગુણો બદલ દાખલા ડાકતર, વઈદ રાજારજવાડા, જાહાગીરદાર, કામદાર વગેરે સદગ્રહસ્થો તરફથી મળેલા છે વીંટી સારૂ આંગળીનું માપ મોકલો.

જી. બી. નાઈક કંપની ઠેકાણું:—ઝુનીહાવળી સામે ખાંડખાતા મુંબઈ

શરાબના પરીણામ ખરાબ.

લખનાર—ગોદરેજ મનચેરજી હારવર.

પ્રકરણ ૧ લું.

અમારી વાર્તા પેરીસમાં ૧૮૨૬ની પાનખર ઋતુમાં શરૂ કરીએ છીએ, અને અમારા વાંચનારાઓને તરતજ ચ્યસડીએનટીનના ભપકાદાર લતા ઉપરના એક ઘરના ત્રીજા મજલાના એક ઓરડાની ઓળખ આપીએ છીએ.

આ ઓરડો દેખીતી રીતે એક કુંવારા આદમીનું રહેઠાણ હતું. તેનો દેખાવ તેના રહેવાસીની ચોકસ બેદરકારી અને કુઅડપણું જો ન હોતે તો તે ઘણોજ સારો સણગારવાળો હતો. તે ઘરમા એક છત્રીવાળો ઢોલીઓ હતો, કે જે ઘણો ઉંચો હતો અને તેની કુરતની બધી ચુંથાઈ ગયેલી હતી અને તે ઢોલીઆપરથી ઝુલતી હતી. ભોંય ઉપર એક બ્રસલ્સનો સરસ ગાલીચો પાથરેલો હતો જેની ઉપર અને ખુરસીની ગાદી ઉપર વાઈન દારૂના ડાઘ પડેલા હતા, અને મેજ ઉપર ખાલી બાટલીઓ, એક ખાનાવાળી પેટી અને એક સોડા પીવાનું વાસણ એટલા વાનાં પડેલાં હતાં.

તે ઓરડામાં જે બધું હાલ હવાલ પડેલું હતું તેજ રીતનો તેનો રહેવાસી પણ દેખાયો. તે ખુબસુરત, જુવાન અને ૨૪ વરસનો એક અંગ્રેજ હતો. આ માણસ મેજની આગળ બેઠેલો હતો, અને પોતાની શામે બ્રાંડીથી ભરેલું એક ગલાસ પડેલું હતું તેમાંથી વારે ઘડીએ ગોટગોટ પીતો હતો. બીજું તે ઓરડામાં પીતાં રહેલી બીડીઓ અને ભાગેલી બાટલીના કટકા પગેપગ રખડતા હતા, અને થોડીક ચોપડીઓ અને કાગળીઆંઓ ટેબલપર પડેલાં હતાં, પણ તે જુવાન અંગ્રેજની નજર તેઓની તરફ હતી નહિ.

તેણે પોતાનું માથું ડાબા હાથપર ટેકવેલું હતું અને

તેનાં મોહડાં ઉપરથી એવું જણાતું હતું કે તે મનનું ઘણુંજ દુઃખ ભોગવતો હતો. તેની છાતીમાંથી વારંવાર દસકાંનો સાદ નીકળતો હતો અને તેના મોહડાં ઉપર આંસુના ડાઘા પડેલા હતા. તે પોતાના હાથપર પોતાનું માથું મુકીને પોતાનાં આંગળાં માથાનાં બાલપર ફેરવતો હતો, અને વારે ઘડીએ તે ઉશ્કેરાઇ જઇને પોતાના હોઠ પીસ્તો હતો અને તે ઉપરથી તે ઘણાં દુઃખદાયક વિચારમાં હોય એ ખુલ્લે ખુલ્લું દેખાતુ હતું. વારે ઘડીએ તેના ખરેખરા ખુબસુરત ચેહેરાની ઊપર નીરાસાની નીશાની દેખાતી હતી અને ત્યાર પછી તે પોતાના દાંત કકડાવતો હતો, જાણે કે કોઇ શત્રુની વાર જોતો હોય તેવી રીતે; અને પોતાનો સઘળો ગુસ્સો અને કીનો તેની ઉપર ખાલી કરવાનો હોય તેમ તે પોતાના હાથની મુઠી વાળ્યા કરતો હતો. અફસોસ! છે કે માઠા ભાગ્યના અણીદાર તીર જેમ બુઢામાં તેમજ જુવાનમાં, જેમ ખુબસુરતમાં તેમજ જેઓની આપણે કદાચજ કદર ખાઇએ તેવાઓનાં અને નીરદોસના તેમજ ગુનેહગારનાં અંતકરણમાં ભોકાયછે. આખરે તે જુવાન માણસે મોટેથી વીચારમાં કહ્યું કે "ખરાબી થઇ ગઇ! તદન ખરાબી થઇ ગઇ! અને પેટનું પુરૂં કરવાને મી હવે સેજસાજ પૈસા બાકી છે. હું પાયમાલ થયો છું અને મદદ કરવાને કોઇબી મીત્ર નથી. દુનીઆની અંદર મને મારા ગુંચવાડામાંથી છોડવનાર કોઇ સગો વાહાલો નથી. અરે, મારી ઘાતક કેળવણી! ભયંકર પુરવીણતા કે જેથી કરી હું વીદયાને લગતી કીરતી મેળવવા પાછળ લલચાયો અને મારી રોજની રોટલી પેદા કરવાને કાંઇ ધંધો પકડયો નહિં. હું હવે કયાં જાઊં અને આ મોટા શેહેરની અંદર શું કરી શકું? મને ખાણ ખોદતાં આવડતી નથી અને ભીખ માગતાં શરમ લાગે છે. અરે પરમેશ્વર તે વીચારજ મને ઘેલો કરી નાંખે છે."

આ શબ્દો બોલતાં બોલતાં તેણે પોતાના બાલ એક

હાથે જોરથી પીધ્યા, અને ખરેખર તે કમભાગ્યેગના જુવાન માણસને નીરાશ થવાને પુરતું કારણ હતુ. જે કેળવણી તેણે લીધી હતી તેની મોટાઇપર મગરૂર રહીને અને કેળવણીના ફળરુપ મેદાનમાં જે કીરતી મળે છે તે મેળવવાની ઇચ્છાથી ઉશ્કેરાઇને જે થોડા પાઊંડની દોલત તેની પાસે હતી તેની કેળવણી લેવાનું કામ જે તેને બે રીતે અનુકુળ પડે એવું હતું તે કામમાં ખરચી નાખવાને લલચાયો.

તે એવું ધારતો હતો કે તેની થાપણથી મોટું વ્યાજ ઉત્પન્ન થશે, કેમકે તેણે એક નાણાની રકમ રોકી હતી. બ રાજ વખતે એક એવો બનાવ બન્યો કે જેથી કરીને તેના કેટલાંએક લખાણો મજાની જાગ્રુમાં આવ્યાં. થોડા મહિના સુધી જાણે તે પોતાના ભવિષ્યનો પાયો નાખતો હોય એમ દેખાયો, તે સીવાય બીજો કંઇ બી વીચાર તેના મનમાં ન હતો. તે બધો આશા ઉપર આધાર રાખતો હતો, કે જે આશા એક એવો ખોરાક છે અને જે ઘણો પુષ્ટીકારક અને શાબારાણ થઇ પડે છે. પણ બધા ખોરાક કરતાં થોડો અને મજબુત છે આશાથી કરીને માણસોને મોટી દોલત મેળવવાનો ખ્યાલ આવે છે. માણસો, તાજ મેળવવાની અને લશ્કરને હરાવવાની આશા રાખે છે, અને આશાથી કરીને ઘણા છીચકારો માણસ સીંહનાં જેવો બહાદુર થઇ જાય છે. કીલ્લાની સામે તોપખાનું રાખ્યું હોય ને જેમ તે તેનો નાશ કરે છે તેવાજ જોરથી આશા સઘળી અડચણોને ભાંજી નાંખે છે. મોટાં શેહેરની અંદર કોઇ માણસને પૈસો મેળવવાની કોઇ આશા આપે છે તો તેથી તેનો જીવ ખુશ થઇ જાય છે અને પોતાનું દુઃખ વીસરી જાય છે, અને જંગલમાં પાણી વગર ટવળતા કોઇ મુસાફરને પાણી મલશે એવી આશા આપે છે તો તેથી તે પોતાની તરસનું દુઃખ વીસરી જાય છે, અને રાજી થાય છે કે મને પાણી મલશેજ. પણ આશા રાખેલા પૈસા વખતે નથી મલતા અને આશા રાખેલું પાણી

પણ કોઈ વખત લાંબી મંજલ ચાલવા છતાં પણ મલતું નથી. આશા જે છે તે એક ભુલાવો ખવાડનાર સ્વપ્ના જેવી છે અને ખાલી એક હવાઈરૂપ છે. આશાના પુંજારીઓ અને ભોગ થયેલા કેટલાએક માણસોમાં આપણી આ વાર્તાનો નાયક **વીક્ટર મેલવીલ** હતો.

પ્રકરણ ૨ જું.

તે માબાપ વગરનો છોકરો હતો અને પેરીસમાં તે ઘણા વખતનો વતની ન હતો કે જ્યાં તેના કોઈ દોસ્તદારોથી તે વખત થઈ શકે, અને જે તેની ઓળખાણવાલા માણસો હતાં તે તેને મદદ કરે એવાં ન હતાં. તોપણ દુનીઆની અંદર એક આદમી હતો કે જે તેની દયા ખાય અને તેનાં દુઃખની વખતે તેને દીલાસો આપે. અને જો તેનાં કને દયા ખાવા શીવાય કંઈ પણ દોલત કે પૈસા હોત તો આખી ગોલકોન્ડાની દોલત તેને આપી દેત, પણ આ માણસની દયા ફક્ત પ્રેમ અંતઃકરણની હતી; અને એક એવો તેને નઠારો વીચાર **વીક્ટર**ના મનમાં આવ્યો તે વખતે તેને પોતાનું દુઃખ બમણું લાગ્યું. આ વીચારથી **મેલવીલે** પોતાની ટોપી અને હાથના મોજાં પકડી લીધાં અને ઝડપથી તે નાનો ઓરડો કે જેમાં તેની સઘળી આશાઓ ઉત્પન્ન થઇ અને ભાંગી પડી હતી તે છોડી ગયો.

તે રસ્તામાં ગયો અને એક ભાડુતી ગાડીવાળાને તેડવા જતો હતો, પણ પોતાના ગજાંની હાલત યાદ આવવાથી જે જગાપર તે જવા ધારતો હતો તે જગાપર પગે ચાલીને જવાનો ઠેરાવ કીધો.

દીવસ ઘણો ગરમીનો હતો અને તે ઝડપથી ચાલતો હતો તેથી તેના કપાલપરથી પરસેવો ટપકતો હતો. તેને તરસ લાગી હતી અને જોકે તે તદન ગરીબાઈમાં આવી ગયો

હતો તોપણ એક દારૂની દુકાનમાંથી થોડોક દારૂ પીવાને પોતાના ખીસામાં જે થોડા ફ્રેંક હતા તે ખરચી નાંખવાને તેનું મન થયું. જેવો તે પોતાના મોહમાં "ગરીબાઇ" એ શબ્દ બોલ્યો તેવીજ તેના મનપર ઘણીજ અસર થઈ અને જેવો તે વીચાર તેના મનમાં ઠરયો તેવીજ ગરીબાઇને લગતાં સઘળાં દુઃખો અને દલગીરીની અસર તેના મનપર થઈ. ભુખમરો, મંદવાડ, ઘરબાર વગર રઝળવું, ભીખ માંગવી અને દીવાની તુરંગમાં કેદ પડવુ એ સઘળા ખ્યાલો તે ગરીબ જુવાન માણસના મનમાં ઉતપન્ન થયા, અને તે દારૂની દુકાનમાંથી બહાર નીકળે તે આગમચ વળી બીજું એક ગલાસ પીવાનું તેનું મન થયું.

પોતાના દલગીરી ભરેલા વીચારમાંને વીચારમાં મેલવીલ ઝડપથી ચાલ્યો ગયો અને તે પોતાની ઝડપ ભરેલી ચાલથી આ બધા દલગીરી ભરેલા વીચારો તે વીસરવાની તે આશા રાખતો હોય એવો જણાયો.

પણ અફસોસ! તેના પ્રયત્ન ફોકટ ગયા. કંગાળીયતપણા સિવાય માણસના પગલાંની પાછળ બીજું કાંઈ ઝડપથી આવી શકતુ નથી. કારણકે જે માણસ ઉપર કંગાલીયતપણુ આવી પડે છે તેની ઉપરજ તે નજર રાખે છે, અને તેવે ઠેકાણેથી સુખ પાછું આવવાની કંઈબી આશા વગર ઝડપથી નાશી જાય છે.

વીકટરે, સીન નદીના કીનારાપરથી **ઓટુઈલ** નામનાં ગામડાં તરફ જવા માંડયું. થોડા વખતમાં તેણે એક લાંબી મંજલ કાપી, અને તે સુંદર નાનું ગામડું કે જે **પેરીસથી** ત્રણ માઈલપર હતું ત્યાં આવી પહોંચતાજ તે પાધરો એક નાનાં ઘરમાં ગયો, જે ઘરના બાગમાંથી **બોંકુંલુસો** નામના જંગલમાં જવાતું હતુ.

તે ઘર ઝુપડાં જેવું હતું પણ તેનો દેખાવ અતિશય

સ્વચ્છ અને જોવા લાયક હતો. કેટલાંએક સુંદર ફુલો તે બાગમાં ઊગેલાં હતાં. બારણાની ઉપર એક સુદર દરાખનો માંડવો હતો, જે ઊપરથી દરાખના ઝુમખા ઝુલતા હતા અને તેથી કરીને તે ઘરનો આગલો ભાગ ઢંકાઈ ગયલો હતો અને બાગમાં બીજાં મેવાનાં ઝાડો પણ પુષ્કળ હતાં.

જેવો **વીકટર** બાગના દરવાજા આગળ આવ્યો તેવીજ એક જુવાન કન્યાં જે ફુલો ગુથવામાં રોકાયલી હતી તે તેને આવકાર દેવા દોડી આવી.

તે કન્યા અઢાર વરસની હતી પણ તેણીનો ચેહેરો ઉમરે પુગેલી સ્ત્રીના જેવો દેખાતો હતો. તેણીનો ઘાટ એક હીગી અથવા સીલ્ફ નામની પરીઓના જેવો નાજુક હતો. તેણીના પગ ટુંકા હતા અને તેણીના પગની ઘુટી ઘણીજ સુદર હતી. તેણીના હાથ એવા સુંદર હતા કે એક રાણી પણ તેણીની અદેખાઈ કરે. તેણીની ગરદન રાજહંસના જેવી સોભીતી ને લાબી હતી. તેણીની આસમાની આંખને ખુલ્લા બુરા બાલપરથી એંવુ જાણાતું હતુ કે તેણી ઇગ્રેજની જાતની હતી. પણ તેનો ફ્રેંચ આલાદની હતી અને તે જુવાન માણસને તેણે ફ્રેચ ભાષામાંજ આવકાર દીધો. જ્યારે તે બોલતી હતી ત્યારે તેણીના દાંત દાડમના જેવા સફેદ લાગતા હતા, અને તેણીની બોલવાની ઢબ ઇટાલીઅનના જેવી લાગતી હતી. તે જુવાન બાઇના ચેહરા ઉપર નીરદોષપણુ અને ખુબસુરતીની નીશાણીઓ ખુલી દેખાતી હતી, અને તેણીની રીતભાત એવી તો સરસ હતી કે તેણીને જોઈને એક માણસ છક થઈ જાય. તેણીનો શાદ કોયલના જેવો મધુર હતો. તેણીની નજર એવી હતી કે કોઈબી બેદરકાર માણસ પણ તેણીને જોઈને પોતાની લાગણી દબાવી શકે નહિં.

પછી **મેલવીલ** દરવાજાથી થોડે દુર તે ખુબસુરત બાઈને એક બેઠક ઉપર લઈ જતાં બોલ્યો, "**લુઈ**! મઈ કાલના વીચારામાં હું ઠગાયો નથી."

પ્રકરણુ ૩ જુ.

પોતાના આશકના ચેહરા તરફ તાકીને તે સુંદર છોકરી બોલી, "વીકટર, મને શકમાં રાખો નહિ. મને કંઇ આશા નથી" જરાક વાર રહીને તે બોલી કે "આરાને કંઇબી પાયો હોય એવું મને લાગતું નથી"

તે જુવાનીઆએ કહ્યુ કે "ખરૂં છે, પણ હું તો તદન ખુવાર થયેલો છુ."

તે છોકરી બોલી, "એમ બોલો નહિ. જેટલી ધારેલ તેટલી ખરાબી થઇ નથી. તમારા ખોયલા પૈસામ થી તમને થોડા પાછા મલશે."

મેલવીલ ઉસ્કેરાઇને બોલ્યો કે "એક પાઇ પણ નહીં."

તે છોકરી બોલી કે "એટલા માટે તમે દલગીર ના થાઓ." અને ઘણીજ દીલાસા ભરેલી ઢપથી કહ્યું કે "મારો જે વાલીછે તેને તમારી ઊપર ઘણું હેત છે, અને જોકે તે ગરીબછે તોપણ તેની પાસે આપના બંનેનુ ગુજરાન ચાલી શકે એટલુ પુરતુ છે. અને તમારો સારો વખત આવે તેટલાં તમે અમારા ઘરમા સુખેથી રહેશો," એટલું કહીને તે છોકરી શરમાઇ ગઇ અને પોતાની નજર નીચી કરી નાંખી.

"પ્યારી" વીકટરે કહ્યું, "જ્યાં સુધી તું મને ચાહે છે ત્યાં સુધી મારા નાઠાં ભાગ્યેગથી જે દુઃખો હું ખમુ છું તેની દરકાર કરતો નથી. અરે લુઇ! તારા પ્યાર વગર હું મારૂં દુઃખ ખમવાને શકતીવાન થઇશ નહિ! મારી બધી આશાઓ ભાગી પડી છે! મારાં ગુજરાનના સઘળાં સાધણો જતાં રહ્યાં છે અને લુઇ! હું કેવી રીતે તારી આગળ મારી છુપી વાતજાહેર કરૂં!"

"છુપી વાત!" લુઇ અજબ થઇ બોલી, "કઇ તમારી છુપી વાત! અરે વીકટર, તમારી કંઇબી વાત એટલી છુપી ન હોય કે જે હું જાણતી ન હોઉં!"

"અરે લુઇ" વીકટર ઘેલાની પેઠે હાથ અફાડીને બોલ્યો, "એક ઘણીજ ભયંકાર અને દુઃખદાયક વાત છે કે જેની પુરી હકીગત જો તને આગળ કહી જઈશ તો તું સમજી શકશે નહી."

"તમારા વીચારો અને દુઃખો વીશે મને વાકેફ કરો." તે છોકરી બોલતી હતી તેની વચમાં વીકટર બોલી ઉઠયો: —

"તે ઘણુંજ ભયંકાર છે. પણ લુઇ, તું તેમાંથી થોડું ઘણું સમજી શકશે. હું કહું છું કે એક વખતે માણસ પોતાને સંભાળી શકતો નથી અને પોતે પોતાના વીચાર પર મક્કમ રહેતો નથી, અને તેવી વખતે એવી આશા પણ નથી રહેતી કે તેમાં પોતાની બુદ્ધી વાપરી શકે, અને એવો વખતે તેને ઉંઘ પણ આવતી નથી."

"ત્યારે તમારાં દુઃખો શું છે અને તેના ઉપાય શું છે! તે મને કહો." લુઇ બોલી.

"જે વખતે એક દુઃખી માણસને ઉંઘ આવતી નથી." તે બોખરે અવાજે બોલી ઉઠયો, "અને તેના વીચાર ઠેકાણે રહી શકતા નથી, અને દુઃખ સીવાય તેની નજરે બીજું કંઇ પડતું નથી, ત્યારે તે દારૂની બાટલીથી પોતાના જીવને ખુશ કરે છે."

જેવી તરૂણીના આશકે પોતાની ખામી કબુલ કરી તેજ વખતે લુઈના ચેહરા ઉપર દલગીરી પેદા થઇ અને વીકટરના બોલવાથી જે તેણીને અસર થઇ તે તે સમજી પણ શકયો નહીં અને આગલ બોલવાનું ચાલજ રાખ્યું. "હું જાણું છું કે માણસોમાં પોતાનું દુઃખ ખમવાની પુરતી હીમત નથી તેજ લોકો માત્ર આવી ટેવ રાખે છે, અને મને ખબર છે કે એવા માણસ કદી પણ આપઘાત કરતા નથી, કારણકે તેઓને મરવા ગમતું નથી પણ અફસોસ! એ એક એવી બુરી ટેવ છે કે માણસ પોતે પોતાની ખુશીથી છોડી શકતો નથી. અરે લુઈ, દરાખના રસમાં એવો તો ઉમદા ગુણ છે અને સરસ વાઇન દારૂમાં એટલી લેહજત છે કે તે હું મુકી શકતો નથી. થોડા

મહિનાં થયાં મેં મારૂં દુઃખ અને આરૂત વીસરવાને દારૂની મદદ લીધી છે. રાતે પીને સુઇ જતો ને સવારે જ્યારે ઉઠતો ત્યારે હું મારી પથારીમાંથી નબળો ને તાવથી ભરેલો ઉઠતો ને તે ઘડીએ એ બુરી ટેવ છોડવાના સોગંદ લેતો, પણ તે ફોકટ. હું દારૂ વગર ખુશ થવાની હીમત રાખી શકતો નથી. દારૂથી કરીને મને ખુશાલી ઉત્પન્ન થાય છે અને મારાં સઘળાં દુખો દુર થાય છે."

"વીકટર, તમારે તે બુરી ટેવ છોડી દેવી જોઇએ," લુઇ બોલી. "તમારે અમારાં ઘરને પોતાનું ગણવું જોઇએ, અને હું અને મારા વાલી સીવાય તમારે કોઇનેબી તમારો મીત્ર કરવો નહિ, અને જે દારૂની તમે આટલી વખાણ કરોછો તે છોડી દેવો જોઇએ."

વીકટર અધીરો થઇને બોલ્યો કે "હું ફરીથી કહુંછું કે મારી સઘળી આસા ભંગ થઇ છે."

લુઈ બોલી, "આ બાબદની અંદર તમારી આશા ભંગ થઇ છે તોપણ હજુ તમારી બુદ્ધી વાપરીને તમોને દુની-આમાં મશહુર બનાવવાને ઘણા રસ્તાછે. બીજા ઘણા માણસો, મુશ્કેલીમાંથી કેળવણી વડે નામીચા બનેલાછે, અને તમે શા વાસ્તે નહીં બનો?"

"અફસોસ! પ્યારી **લુઈ! પેરીસ**માં હું શું કરૂં? કારણ કે મનેતો તમારી ભાષા લખતાં આવડતી નથી."

"ખરીવાત, તમે પેરીસમાં આવવાથી ખોટું કર્યું."

"પ્યારી, અહીં આવ્યાથી મને તારી સાથે મુલાકાત થઈ માટે તે ખોટું થયું નથી. એક થોડોકવાર મારે તારીથી જુદું રહેવું પડશે, કારણ કે હું તારા વાલી ઉપર પડવા માંગતો નથી, અને જોકે તે હમણા કહેશે તોપણ હું હાલ પરણનાર નથી, કારણ કે તેથી કરીને તો હું તને મારી ગરીબાઇ તથા પાપી કામોમાં દાખલ કરૂં એ ઠીક નહીં પણ આપણા ભવીષ્યને માટે હાલ મારે જુદું પડવું અગત્યનું છે."

લુઈએ રડતા અવાજે તેને હા કહી, ત્યારે **વીકટરે** કહ્યું કે "રડ નહિ, જુદા પડવાથી આપણ બંનેને દુ:ખતો થાય છે તોપણ આપણે પત્ર વહેવાર રાખશું અને તેથી આપણને વાત કરવા જેટલો સંતોષ મળશે અને હું તને મારાં સુખ દુ:ખ વીસે જણાવીશ, અને જે દારૂ પીવાની મને ટેવ છે તે હમેશની છોડી દઈસ તો હું સારાં કામ કરી શકીશ."

લુઈએ કહ્યું કે "તમે મને ભુલતા નહિ. કેમકે તમે જુવાન છો અને તમારા ગામમાં ખુબસુરત સ્ત્રીઓ ઘણી છે."

ત્યારે તે બોલ્યો "આવા શક ભરેલા શબ્દ તું મને કહે છે તે ઘણું ઘાતકી છે. હું કદીબી તારા સિવાય કોઈને પસંદ કરીશ નહિ. હું તું વગર રહી શકનારજ નથી કારણ કે મારા ખરાબ છંદા કરતી વખતની મારી રૂહ તો તારી તરફજ ભમ્યા કરે છે."

આ શબ્દ તે બોલતો હતો તેથી તે છોકરી છક થઈ ગઈ અને થોડોવાર તે પોતાની દલગીરી ભુલી ગઈ. તેણીએ એક ગુલાબનું ફુલ લીધું ને એક કળી પોતે લઈ તેને ચુમી લીધી ને તે વીકટરને આપી ને બીજીને પોતાની છાતીપર દાબી રાખી તે બોલી, કે "રાત ને દીવસ હું એ પાંદડાંને જોયા કરીશ ને તે ઉપરથી દીલાસો લઈશ"

વીકટરે પણ તે પાંદડાંને તેમજ કરવાને કહ્યું ને પછી પોતાના ગજવામાં મુક્યું. તેણે કહ્યું "એ પાંદડાંના દેખાવથી જેટલી મને દારૂથી હીમત આવે છે તેટલી મને હીમત આવશે. આવતી કાલે તો હું તને છોડી જનાર છું, માટે તારા સુંદર સરોદે એક ગીત ગા. જોની, વખત કેવો ઝડપથી જતો રહે છે અને જ્યારે આપણે ભવિષ્યના સુખની આશા રાખીએ છીએ ત્યારે તે કેવો ધીમે ધીમે જતો હોય એવો દેખાય છે.

તે જુવાન જોડું એવું તો પોતાની વાતચીતમાં ચકચુર હતું કે વખત કેમ ગયો તે તેમને માલમ પડ્યું નહિ અને જ્યારે **લુઈના** વાલીએ તે લોકને જમવા તેડાવ્યાં ત્યારે જાણે થોડી પલ થઈ એવું જણાયું. **વીકટર** તેણીની સાથે ઘરમાં ગયો, જ્યાં તેને **લુઈના** વાલીએ આવકાર દીધો.

પ્રકરણ ૪ થું

તે જુવાનીઆએ લુઇ સાથના લગનની તે બુઢા ગ્રહસ્થ પાસે પરવાનગી મેળવી અને કહ્યું કે જેવી મારી હાલત સુધરશે તેવોજ હુ લુઇ સાથે પરણીશ.

તેણીનો વાલી આગળ ફ્રેંચ લશકરમાં એક કેપટનની પદવી ધરાવતો હતો, અને હમણા તે પોતાની ચાકરી છોડી એકાંત વાસ ભોગવતો હતો. તે આસરે ૬૦ વરસનો હતો ને લશ્કરી બરાખમાં જન્મારો કાહડેલો હતો. તે બેતાલીશ વરસની ઉમરે પરણ્યો હતો. અને પરણ્યા પછી આ છોડી તેના કબજામાં આવી હતી. પણ માઠા ભાગ્યે તેની સ્ત્રી, જે લુઇની એક માતા તરીકે બરદાસ્ત લેતી હતી તે મરણ પામી તેથી કરીને એક દાઈને તે છોડીને માટે રાખવામાં આવી, ને તેની મા હોય તેમ તેણીએ બરદાસ્ત લીધી.

તે કેપટન પાસે તેનો અરધો પગાર જે પેનશન તરીકે આવતો હતો તે સીવાય તેની પાસે કંઇ દોલત હતી નહિં. પણ તે ઘર અને વાડી તેની પોતાની હતી, અને તે પોતાના નાના પગારપર સુખેથી ગુજરાન ચલાવતો હતો, એટલુંજ નહીં પણ આ છોડી કે જેને તે પોતાની દીકરી તરીકે ગણતો હતો તેના ભવીશના સુખને માટે એક વીમા કંપનીમાં થોડી થોડી રકમ ભરતો હતો.

વીકટર મેલવીલ, આ બુઢો અને તે જુવાન કુમારીકા (લુઇ) સાથે આ વારતા સરૂ થાય છે તેની ૭ મહિના આગમચ એકાએક **વીકટરની લુઇ** સાથે મુલાકાત થઇ હતી, અને એ પોતાની કરી લીધેલી દીકરી માટે જો લાયક વર મલ્યો હતે તો તે કેપટન ખુસી થતે; પણ તેણી નાખુશ ન થાય માટે તે બુઢાએ તેણીના ધારાણામાં કંઇ હરકત લીધી નહિં અને તે જુવાન આદમીને તેણીના ભવીષ્યના ભરથાર તરીકે મુલાકાત લેવા દીધી, પણ આ જુવાન માણસના કમભાગ્ય વીસે જાણીને તે બુઢો ઘણો દલગીર થયો.

ખાનું પીરસવામાં આવ્યું પણ જમવા બેઠેલા ત્રણ આદમીમાંથી કોઈએ તેને હાથ લગાડયો નહિં. લુઈની આંખ આંસુથી ભરાઈ ગઈ કારણકે થોડો વખત પછી પોતાના વીકટર-થી જુદું થવું પડશે, તે વીચાર તેના મનમાં આવ્યા કરતો હતો. તે બુઢો તેની સઘળી મશ્કેરીઓને લશ્કરી વાતો કરવાની ટેવને ભુલી ગયો અને **વીકટર** પોતે પણ નીરાશ થઈ ગયો.

તે કેપટન બોલ્યો, "ઓ ઈશ્વર! આપણે આજ સાંજના એક દુખી મંડળી છઈએ. દીકરી **લુઈ**, આપણે વાસ્તે પેલાં લાલ સીલવાલી દારૂની બાટલી લાવ. કેમ **વીકટર**, આપાણું દુઃખ ભુલી જવાને શું એ નહિ લેવો જોઈએ?"

"હું ઘણોજ દલગીર છુ." વીકટર બોલ્યો "મારા ખાનગી દુઃખોથી તમારી ઉપર ઘણી અસર થશે, હું તમારી પાસે માંગી લઉચકે તમારે મારી હાલત વીશે દયા ખાવી જોઈએ."

"પ્યારા છોકરા" તેણે કહ્યુ "જો હું તારી દયા ન ખાઉં તો હું એક હેવાન જેવો છુ અને કદા જો હું દરકારબી નહીં કરૂ તોપણ પેલી છોકરીની આંખો રડવાથી લાલ થઈ આવી છે તેની શું હું દરકાર નહીં કરૂં ? તેણીને સુખી કરવા તો આખી દુનીઆભી હુ ખરચી નાંખશ. ચાલો તે બાટલી લાવી," એમ બોલીનેતે ડોસાએ બાટલીનો બુચ કહાડી ત્રણ ગલાસ દારૂથી ભર્યાં અને કહ્યુ કે "મારે ત્યાં આ સોથી સરસ દારૂ છે અને આપણે બીજી બાટલી ઉઘડીએ ત્યારે હમણાના કરતા પણ સારી હાલતમાં હોઈએ એવી હું દુવા ચાહુંછુ."

આનાં કરતાં સરસ દારૂ નેપોલીઅન જેવા શેહેનસાહેબી કોઈ દીવસ પીધો નહીં હોશે, એ રીતે તે લોકોએ જાત જાતના દારૂ વીશે વાતો કીધી.

પછી તે બુઢાએ લુઈની સલામતી લીધી તે વખતે લુઈએ કહ્યું કે "મારા બાપ કરતાં પણ મોટા મુરબી, તમોએ જે આટલા વરસ કીધું તેજ તમે આ વર્ષે પણ કરોચ, તે તે માટે હું તમારો ઉપકાર માનુ છુ."

પોતાની બેઠકપરથી ચોંકીને કેપટન બોલ્યો "અરે, પણ આજે—"

લુઇ બોલી " હા, આજે ૩૦મી સપટેમ્બર છે."

"ત્યારે તો આજે તું અઢાર વરસની થઇ એ વાત હું ભુલીજ ગયેલો હતો, અને યાદ કરવા ચાહતોતો નહિ. અજાયેબ જેવું છે કે એ વરસગાંઠ વીશે મને કઇ ભાન રહ્યું નહિ, તોપણ કેટલાક વરસ થયા હું ખુશીથી રાહ જોતો હતો કે કયારે અઢાર વરસ થાય અને મારં મરણ નજદીક આવ્યું હોય."

લુઇએ કહ્યું " મારા વહાલા મુરબી, તમે શા માટે મારી અઢારમી વરસગાંઠને માટે બહોછો ? જલદીથી મને કહો. મને શું કામ શકમાં રાખો છો ?"

તે બુઢો હસવાનો કોશેશ કરતાં બોલ્યો, " હું મુરખ હતો કે મેં તમો લોકને બાલી ચોંકાવ્યાં."

લુઇએ કહ્યું " નહિ, મેં તમારા સઘળાં સુખમાં ભાગ લીધો છે ત્યારે મારે તમારૂં દુઃખ પણ જાણવું જોઇએ." એમ કહીને તેણીએ તે બુઢાનો હાથ પકડયો અને તેના મોં તરફ તાકીને જોવા લાગી અને બોલી, " આ વાત મારાથી તમને છુપી રાખવા દઇશ નહિ. આ દીવસને માટે તમે કેમ એટલા બધા બીહો છો તે મારે જાણવુંજ જોઇએ. આગલી મારી સઘલી વરસગાંઠોપર તમે ખુશી રહેતા હતા અને હાલ એમ કેમ, અને મારી અઢારમી વરસગાંઠથી તમને શા માટે દલગીરી ઉપજવી જોઇએ ?"

તે કેપટન બોલ્યો કે " જીના મગજમાં જ્યારે કાંટો આવે તે કાંટો જયાં સુધી નરમ પડે નહિ ત્યાં સુધી તે બહુ [illegible] ઉપજાવનારો થઇ પડે છે, માટે હું ધારૂં છુ કે હું તારી [illegible] નરમ પાડું અને એક નાખુશ ખબર જેમ હું [illegible] તેમ જ્યારે તારૂં. પીકટર, આજ આ દેલ્લી

સાંજ છે કે જે આપણે સાથે ગુજારીએ છીએ. ચાલો એક છુ-
પી વાત જે મારા મનમાં રાખેલી છે તે જાહેર કરૂં છું. એ
છુપી વાત તમારી ભવીષ્યની મોહોરદારને માટેજ છે, અને
તમે કોઈ દહાડે પણ એના ખાવીંદ થશોજ, તેથી હું જે વાત
જાહેર કરવા માગું છું તે તમે ધ્યાનથી સાંભળજો."

લુઈ ગુઠણમંડીએ બેઠી હતી તે હવે ખુરસીપર બેઠી ને
પોતાના વાલીની આવી વાતો સાંભળવાને તૈયાર થઈ.

વીકટર ટેબલની નજદીક આવ્યો ને કેપટને કહ્યું
"કથા કહાણી લખનારાઓની પેઠે હું તમોને કંટાળો
આપીશ નહિં."

પ્રકરણ ૫ મું.

તે કેપટને વાત ચલાવીઃ—"કેહવાને અગતનું છે કે
અઠાર વરસની થોડુક આગમચ હું મારી નોકરીપરથી નીક-
ળી ગયો અને તેજ વખતે હું મારી કેટલો વખતની ધારેલી
કન્યા સાથે પરણ્યો. તેણીની પાસે થોડી ઘણી દોલત હતી
અને તેના રીતના પૈસાથી મેં આ ઘર ખરીદયું છે ને એ
ઘરની અંદર મેં મારી જીંદગીનો સૌથી સરસ ભાગ ગુજાર્યો
છે; અને લુઈ, તુને હું મારાં બચ્ચાં તરીકે ચાહું છું. તું બી
મારી સાથે સુખમાં સામેલ થયેલી છે, અને વાત જાહેર કરવા
ની તો એ છે જે હું તારો વાલી કેમ થયો તે તને જણાવું.
અને જયારે મને તેં કહયું કે આજેજ તારી ૧૮મી વર્ષ-
ગાંઠ છે ત્યારે મને ધુજરી લાગી આવી."

એટલું કહીને તે કેપટન થોડોવાર મુંગો રહયો, અને
આગલ મુકેલું દારૂનું ગલાસ પી ગયો, પછી આગળ ચલાવ્યું.
"હું ૧૮૦૮માં સપટેંબર મહિનાની ૨૦મી તારીખે, મારી
મરનાર મહોરદાર સાથે પરણ્યો હતો અને તેજ મહિનામાં
૩૦મી તારીખે એક નવો બનાવ બન્યો હતો જે હું તમને

હતું. રાતના આશરે ૯ વાગે અમે આ ઓરડાની અંદર બેઠેલાં હતાં અને તરેહવાર વાતો કરતાં હતાં કે જે વાતો હજુ મારી છાતીમાં કોતરાઈ રહેલી હોય તેમ મને યાદ છે. તે વખતે માલી, કે જે પછાડી વાડીમાં બેઠેલો હતો તે ઓરડામાં દોડી આવ્યો અને બોલ્યો કે બહાર દરવાજા આગળ એક બાઈ મરવા પડેલી છે. હું તરતજ રસોડામાંથી માણસને બોલાવી લાવ્યો અને મારો માલી તેમજ બુઢો મેનડેલીન ને મારી બાયડી કરીને સૌ ત્યાં જઈ ચેચ તો તે બાઈ દમ લેતી હતી તે અમને દુરથી સંભળાતું હતું. અમે છેક દરવાજા સુધી ગયાં જ્યાં ઠંડી ભોંયપર બેભાન થઈ પડેલીને દુઃખથી તરફડતી એક બાઈ અમારા જોવામાં આવી. પહેલવહેલાં તો હું ઉંચકીને ઘેરમાં લઈ આવ્યો કે જેને મારી બાયડી, બુઢો મેનડેલીન પણ બીજાને લઈ જવામાં મદદ લાગાં હતાં. માલીને દાકટરને બોલાવવા મોકલ્યો હતો કારણકે તે કંગાલ બાઈ, બચ્ચાંને જનમ આપવાની તેયારીમાં હતી. તે સત્તર વરસની જુવાન હતી, અને રાતના સ્વપ્નાની અંદર આકાશી માણીઓના જે ખુબસુરત ચેહેરા આપણે જોઈએ છીએ તેવી તે ખુબસુરત હતી. તેણીનો પોશાક કીમતી હતો અને તેણીના આંગળાંમાં વીંટી ને ગળાંમાં કીમતી સાંકળીઓ પહેરેલાં હતાં કે જે હજુ સુધી આસ ઓરડાની અંદર રાખેલાં છે.

"દાકતર આવ્યો, ને લુઈ, થોડા વખતમાં તારો જનમ થયો. પણ તારે આ દુનીઆમાં દાખલ થવું તે તારી માતાને આ દુનીઆ છોડી જવાની નીશાની હતી; અને તુને જણ્યા પછી માતા તરીકેનું એક કલાક પણ સુખ ભોગવવા વગર તેણી મરણ પામી, અને તે એક પણ શબ્દ બોલી શકી નહિ કે તે કોણ હતી ને તે દરવાજા આગળ કયાંથી આવી હતી."

થોડીવાર બોલતાં બોલતાં તે કેપટન થોભ્યો, કારણકે લુઈની આંખમાંથી ઘરઘર આંસુ પડતાં હતા. પોતાની માતા દુઃખ વીશે સાંભળીને તે છોડી રડી પડી. અને જોકે

તેગુીએ કદીબી માંનુ સુખ ભોગવ્યું નહોતું તોપણ તેણીને પોતાની મા વિશે પ્યાર ઉત્પન્ન થયો.

વીકટરે પોતાની પ્યારીને દીલાસો દેવાની કોશેશ કરી નહી પણ તે દેખાવ જોનારોજ હોય એમ મુગો બેસી રહયો.

કેપટને આગલ ચલાવ્યું "હવે કેમ કરવું તે વીશે મને કંઈ સુજ પડયું નહિ, કેમકે મારા ઘરમાં જનમ ને મરણ બંને એકી વખતે થયાં હતાં તેથી હું ગભરાઈ ગયો. દાકતરે સલાહ આપી કે આ વાત પોલીસના વડાને જણાવો કે તેથી કરીને તે બાયડી કયાંની હતી અને તે છોકરાંનું શું કરવું તે જણાઈ આવે. મેં દાકતરની સલાહ કબુલ કીધી, ને માજીસ્ટ્રેટને ખબર કીધી કે એક સ્ત્રી કે જે તદન બોલી નહીં શકે એવી હાલતમાં હતી તે હમણાંજ મરણપામીછે અને પોતાની પાછળ એક બચ્ચું મુકી ગઈછે. પોલીસના વડાએ પેરીશ શહેરના પોલીસના ઉપરીને મારે વીશે રીપોર્ટ કીધો અને મને કહ્યું કે મરનારનું શરીર દાટવામાં આવે તેની આગમચ પોલીસનો જવાબ આવે ત્યાં સુધી થોભવું. પણ મને લાંબી મુદત સુધી થોભવું પડયુંજ નહિ, કારણકે થોડાજ વખતની અંદર ઉમરાવના જેવા દેખાવનો માણસ કે જેણે મને પોતાનું નામ જણાવ્યું નહિં તે આવી પહોંચ્યો, અને તે મરેલું શરીર જોવાની રજા માંગી. જયાં તે મરણ પામેલી બાઈ પડેલી હતી ત્યાં તેને લઈ જવામાં આવ્યો અને તે મુરદું તેને લાગતી વળગતી બાઈનુજ હતું એવુ જાણી હું સંતોષ પામ્યો. પણ કાંઈબી રીતે તે તેનો સગો વાવચ એવી કંઈ શોકની નીશાન રાખીતી નહીં, અને જાણે બીજા તરફથી કામ કરતો હોય તેમ બેદરકારીથી સઘ-ળી બાબદ ગણવા લાગ્યો. તેણે કહયું કે આ બાઈ તો કોઈ-ના પ્યારને લીધે પોતાના કુટુંબથી જુદી પડેલી હતી અને પોતાના વ્હાલાંઓમાં તેણી આટલી નામોશીમાં આવી પડે-

લીછે, તે ખબર પોતાના કુટુંબને જણાવવા ચાહતી હતી નહી. જે બચ્ચું તે પાછળ મુકી ગઇ તેનો કોઈ દોસ્ત અથવા સગો આ શેહેરમાં નથી, માટે જો તમારા કબજામાં સોપવામાં આવે તો તે બચ્ચાંને તમે કરી લેવા રાજીછો? અને તમારી મહેનતના ખરચના બદલામાં સારો પગાર આપવામાં આવશે, અને જયારે તેણી પુખ્ત ઉમરની થશે ત્યારે તેને લાયક રીત આપવામાં આવશે.

"જોકે આ દરખાસ્ત એકાએક કરવામાં આવી હતી તોપણ લાંબો વખત વીચાર કરવા સારૂં હું ચાહતો'તો નહિ. મને ખાતરી હતી કે મને કંઈ પણ છોકરાં થશે નહિ, કેમકે મારી બાયડી તો આશરે મારી ઉમરનીજ હતી અને મને માલમ પડયું કે તે તો પેલાં હાથમાં આવેલાં બાળકનેજ (તને) ચાહતી હતી. મે તરતજ તે દરખાસ્ત કબુલ કીધી ને તેજ વખતે મેં વીચાર કીધો કે મારે થોડીરકમપર સંતોષ પામવો પડશે. તે અજાણ્યા માણસે મને ૪૦૦૦ ફ્રૅંક આપ્યા અને કહ્યું કે જયાં સુધી તે છોકરી નીશાળે જવાની લાયકની થાય અથવા તો તેણી માટે ઘેર શિક્ષક રાખવામાં આવે તે વખતે તમારો પગાર બેવડો કરવામાં આવશે."

લુઇએ કહ્યું. "આ રીતે હું તમારા હાથમાં આવી અને તમારી ઉદાર દીલની માયા ને માવજતમાં મોટી થવા પામીશું, તો અરે બાપ કરતાં પણ બહેતર મારા વાલી, હું તમારો બદલો કેમ વાળી શકીશ?"

કેપટન બોલ્યો "માયાલુ છોડી, તેં બદલો વાળી આપ્યો છેજ. મારા ઘડપણના વખતમાં તેં જે મારી માવજત કરી છે તેથી અને તારા માયાલુ સ્વભાવ અને નેકીથી તેં બદલો વાળી આપ્યાના કરતાં વધારે કીધું છે.—પણ ચાલો, આપણે એ દલગીરીની વાત પુરી કરી નાંખીએ કે જે દલગીરીના ભાગ તો હજુ પછી આવશે."

લુઇ પાછી ખુરશીપર બેઠી. ને કેપટને પોતાના ગજવામાંથી એક ચોપડી કાઢી અને તેમાંથી એક કાગળ કા'ડયું અને ટેબલપર મુકયું. વીકટર ને લુઇ પણ જોવા લાગ્યાં તેટલાં તે બુઢાએ પોતાની વાત આગળ ચલાવી.

"સાત વરસ વીતી ગયાં ને લુઇને મેલડેમીનની સંભાળ હેઠળ ઊછેરવામાં આવી, કે જેણી તેણીને એક માતાના જેવી મમતાથી ચાહતી હતી. આ મુદત સુધી દર વરસે (૪૦૦૦) ચારહજાર ફ્રાંક પેલો અજાણ્યો માણસ કે જેણે પહેલ વહેલાં મે બાળકને(તને)કરી લેવા મને કહ્યું હતું તે આપી જતો હતો.

"વોટરલુની લડાઇ વખતે તે કીરતીવાન માણસનો સેતારો ઘણોજ ચડીયાતો થયો હતો કે જે દીવસે તને સાતમું વરસ બેઠું, અને ત્યારનું આ કાગળ છે," એમ કહી તે કેપટને તે કાગળ ઉખેડયું, જેમાં નીચે મુજબ લખેલું હતું:—

> એક હજાર વખત સખી અને ભલા માણસ, તમે મારા ઉપર જે પુરતી મહેરબાની દેખાડી છે તે માટે તમારો ઉપકાર માનું છું. એ છોડીની તમો બાપની માફક સંભાળ લેજો, અને તેનો પરમેશ્વર તમને બદલો આપશે. આ કાગળ મળતાંને વાર પ્રેસેન્ટ હોનરના મહોલામાં રહેનાર વકીલ મોનસ્યોર મેઝરેને ત્યાં તમે જજો, એટલે તે લુઇનો જનમ કેવી રીતે થયો, અને તેનાં માબાપ કોણ હતાં તે તમને કહેશે. વળી તે તમને ૨૦,૦૦૦ વીશહજાર પાઉન્ડ, એટલે પાંચ લાખ ફ્રાંક આપશે, અને તે રકમ હમણાં ફ્રાંન્સની બેન્કમાં મુકેલી છે, અને તે લુઇના ભરણપોષણને માટે તમારે એખલાને સ્વાધીન છે; જ્યારે લુઇ અઢાર વરસની ઉમરે પહોંચશે ત્યારે મોનસ્યોર મેઝરે તમને એક છુપી વાત કહેશે તે તમે તેણીને કહેજો. અને ત્યાર પછી તેણીને ઠેકાણે પાડશો તો ઠીક થશે.

"લુઇ અને વીકટર, જે કાગળ ૭મી સપટેંબર ૧૮૮૫ના દીને મારા ઉપર મોકલવામાં આવ્યું હતું તે એજ હતું. હું તરતજ મોનસ્યોર મેઝરેને ઘેર તારા માબાપ કોણ હતાં તે વિષે

ખબર ફેલાવતો ગયો—પણ અરે ઈશ્વર, તે કુરબખતને યાદ કરવા હજી હું કેમ જીવતો રહ્યો? તે કંગાલ લુચ્ચો માણસ કે જેને તું માબાપ વગરની છોકરીના સુનાનાં ઘરેણાં વગેરે અવેજ સોંપવામાં આવ્યો હતો તેનો વીશ્વાસઘાત કર્યો હતો, અને પોતાના એક દોસ્તને લઈને નાશી ગયો હતો.”

વીકટર બોલ્યો, “આ રીતે આ છુપી વાત તમને ખબર પડી નહિં હશે”

બુઢ્ઢાએ કહ્યું “હા, દીકરા, તારી બેરીના ખાનદાન વીશે મેં જે કહ્યું તેટલુંજ હું જાણું છું. આ પ્રમાણે મેં તે કાગળ લખનારની ઇચ્છા પુરી પાડી છે, અને તારીણીના જનમની હકીકત તેણીને કહી છે હવે આ છુપી વાતનો ભેદ ખુલ્લો થશે કે નહિં તે તો પરમેશ્વરજ જાણે”

લુઈ બોલી, “આહા! મારા વાલી, તમારે આ દગાને માટે દલગીર થવું નહિં જોઈએ, કારણ કે તમે કંઈ બી ઠપકા લાયક કામ કર્યું નથી. એક લુચ્ચા માણસે મારી દોલત લુટી લીધી છે તેથી કરીને તમારો પ્યાર મારીપર કંઈ ઓછો નથી,” અને તે છોકરીએ પોતાની બનતી તજવીજથી તે વાત હવે વીસરાવી દીધી.

હવે તે લોક ખાનાને બરોબર ઈનસાફ આપી ઉઠયાં. વીકટરને તે લોકથી છુટા પડવાનો વખત થયો. બુઢા કેપટને વીકટરની પૈસા સબંધી હાલત પુછી કે જે વખતે લુઈ ઓરડામાંથી બહાર ગયેલી હતી અને તે જુવાન માણસને થોડી પૈસાની રકમ આપવાને ઓહોંસ કીધી, પણ વીકટર જરા પણ લલચાયો નહિ અને તે મદદ કબુલબી કીધી નહિં, અને છેલ્લે તે બુઢાની ખાતરી થઇ કે હાલ તરત મેલવીલને કંઈ પણ મદદની જરૂર નથી.

તે લુઈ–વીકટર રડતી આંખે હવે જુદા પડયાં અને એકમેકનો પ્યાર નહીં ભુલવાના પોતાના આગલાં વચનો નવેસરથી આપ્યાં.

તે બુઢાએ કહ્યું કે “દીકરા, પરમેશ્વર તારૂં ભલું કરે, ને તને સુખી રાખે.”

લુઈયે કહ્યું કે, "પ્યારા વીકટર, છેલ્લી સલામ; છેલ્લી સલામ" અને તેણીના વાલીને સેકહેન્ડ કરી તે ચાલી ગયો.

દામીર નીકળી તે પગે ચાલતો પેરીસ આવ્યો અને મધરાત થએલાં તે શેહેરની અંદર દાખલ થયો. જ્યાંથી તે જતો હતો તે રસ્તાપરનાં ઘણાં ઘરોમાંથી ગાયનનો અવાજ નીકળતો હતો.

જેવો તે ફોર્બ્સ સેન્ટહોનર નામની જગાપરથી જતો હતો ત્યારે તેને કેટલાક મુખવાગી લોકો પોતાની સાંજની લટાર મારી પાછા પોતાને ઘેર જતાં જણાયા. ગાડીઓમાં ઘણી ખુબસુરત સોરીઓ હતી જેઓનાં આંગપર દાગીનાથી કરીને તેઓ બેહેસ્તની પરીઓના જેવી જણાતી હતી, અને સુંદર પોશાક પહેરલા પુરૂષો સૌ સૌના ખ્યાલમાં ચાલ્યા જતા હતા.

જેવો તે આ દેખાવ જોતો હતો તેવોજ તેણે નીરાશીએ એકદમ લીધો અને અજાએબ થવા લાગ્યો કે દુન્યામાં કેટલાં લોક બાપડાં મારા જેવાં દુઃખી હશે, તેમ થોડાક જણા સુખી પણ છે.

વીકટર જે મહોલામાં રહેતો હતો તે તરફ ચાલ્યો અને તેના ઘરના ચોકીદારે તેને એક બત્તી આપી અને તે જુવાન માણસ જલદીથી ત્રીજે માલે ચડી ગયો. ગજવામાંથી કુંચી કહાડી બારણું ઉઘાડયું અને પોતાના નાના ઓરડામાં દાખલ થયો. તે ઓરડામાં જે હતું તેજ માત્ર તેની પુંજી હતી, અને તેણે ઈંગ્લાંડ જવાની મુસાફરીના ખરચને સારૂ તે સઘળું વેચવાનો ઠેરાવ કીધો, અને લંડનમાં રહેવાનું ને ખાવાની જોગવાઈ માટે પૈસા ભેગા કરવા લાગ્યો. તેની આંખમાંથી આંસું નીકળી પડયાં, અને જે વખતે તેણે આ ચીજો ખરીદ કીધી હતી ત્યારે તેને શી શી આશા ને ઉમેદો હતી તેનો ખ્યાલ કરવા લાગ્યો. પણ તેટલામાં તેણે દારૂનું એક ગ્લાસ લીધું જેથી પોતાનું દુઃખ ભુલી ગયો અને ઉંઘે તેની ઉપર ગલબો કીધો.

પ્રકરણ ૬ હું.

તે સવારે જલદી ઉઠયો ને દુનીઆની અંદર સંસાર ચલાવવાને પોતાને રસ્તો સુજ પડવા સારૂ તેને એક કામ દારૂ પીવાની જાણે ફરજજ પડી હોય તેમ તે ધારવા લાગો.

તે બુઢી રખેવાલ કે જેણે સગડી સળગાવી આપી હતી ને નાસ્તો તૈયાર કરેલો હતો તેને જ્યારે ખબર પડી કે એ તો પેરીસ છોડી જવાનો છે ત્યારે ઘણી અજાએબ થઈ અને દાગીર એહેરે પોતાના હમેજ ગ્રાહકનો હુકમ લેવા આવી જે હોકમ એટલોજ હતો કે તરતજ એક દલાલને બોલાવી લાવ. આજે સવારે મારૂં બધું ફરનીચર વેચી નાંખુંછું એમ એલવીલે કહ્યું.

પછી તેણી દલાલને બોલાવી લાવી, તેને એલવીલે ફરનીચર દેખાડી કહ્યું, "આ સઘળાનાં મેં એક હજાર ફ્રાંક આપ્યા હતા."

દલાલે કહ્યું, "સાહેબ, તમો જાણોછો કે જેટલા પૈસા બેઠા હોય તેટલા કોઈ દીવસ મળતા નથી. હું તો એકસોને પચાસ ફ્રાંક આપુંછું. ચાલો, હું તમને ખોટી કરવા માંગતો નથી."

વીકટર મોટેથી બોલ્યો, કે "જેની ૨૦ પાઉંડ કીંમત તેના ૬) છજ પાઉંડ. તમે મને ઘણું થોડુંજ આપો છો, મને ઘણી મોટી ખોટ જાય એમ છે."

દલાલ કહે "નહીં સાહેબ, હું તમને માલની ખરીદી કરતાં ૫૦) ફ્રાંક વધુ આપુંછું, અને ધારૂંછું કે તમારા નકામા અને ચીજો પણ એજ કીમતમાં આપવાને તમે આનાકાની કરશો નહિ."

વીકટરે કહ્યું, "વારૂં, મને ૨૦૦) ફ્રાંક આપો, તો હું તુરતજ તમારી સાથે વેચવાને કબુલ કરૂં."

તે દલાલે કહ્યું કે "મારા વચનથી હું કદી ફરવાનો નથી"

તે જુવાન માણસને આ રકમ કબુલ કરવી પડી અને જે ગાડી તે દલાલ લાવ્યો હતો તે ગાડીમાં સઘળો સામાન સીંચી રહ્યા ત્યારે આખરે પૈસા આપયા.

વીકટરે પોતાનાં ખરચનો હિસાબ કીધો, કપડાં પેક કીધાં, પેટીને દોરડાંએ બાંધી અને તે એક મજુરને સોંપી નીકળ્યો. ઘડીઆલમાં પાંચ વાગેલા હતા તે વખતે તે ભાડાની ગાડી રાખવાની જગાએ આવી લાગ્યો ને ખબર કહાડતાં માલમ પડ્યું કે માત્ર એકજ જગા ખાલી છે અને તે ગાડીના પછવાડેના ભાગ તરફ હતી તેથી વીકટરે પુર સંતોષથી તે જગાનો કબજો લીધો, ને ગાડી ચાલવા માંડી.

બધા મળીને ગાડીમાં છ આદમી હતાં, તેમાં એક ૩૦) વરસની ઊમરનો જુવાન આદમી હતો જેને લાંબા થોભીઆ હતા. તે વારેઘડીએ મુસાફરો તરફ તાકી તાકીને જોયા કરતો, અને દરેકજણ સાથે સભ્યતાથી વાત કરતો હતો અને તે બધી વાતથી જાણીતો હતો તેથી વીકટરે જાણ્યું કે તે એક ઇંગ્રેજ હોવો જોઇએ.

વીકટરના ડાબા હાથપર એક બુઢી ઇંગ્રેજ સ્ત્રી અને તેની આગલ તેણીની દીકરી બેઠલાં હતાં. બુઢી ઘણીજ બેડોળ આકારની હતી પણ તેણીની દીકરી જરા સુંદર હતી. બીજા બે ફ્રેંચ મુસાફરો પણ તેઓ સાથેજ હતા.

તે ઇંગ્રેજ ગૃહસ્થે વીકટરને પુછ્યું, "તમે કેલેમાં જાઓ છો કે?"

વીકટરે કહ્યું "હું ત્યાં થઈને ડોવર જવાનો છું."

તે અજાણ્યા ગૃહસ્થે કહ્યું કે "ત્યારે તો હું પણ ત્યાંજ જવાનો છું. પણ કેલેમાં તમે કયાં રહેશો?"

મેસરીલ કહે "મેં કંઇ જગા નક્કી કીધી નથી. આપણે પેહલાં હોટલમાં ઉતરીશું એ સાથી સારૂં છે." એ પ્રમાણે મેસરીલે વાતચીત કરી પોતાના નવા દોસ્તદારને બધી રીતે તપાસી જોયો.

આવી વાતચીતમાં તેઓનો વખત જલદી ગયો અને તેઓ જમવાને માટે કલેરમોન આગળ ઉતર્યાં. જો વીકટરમાં ડહાપણ હતે તો ખાનાપર પૈસા ખરચવાને બદલે બચાવ્યા હતે અને પાંઉ બીસ્કોટ ખાઈને પોતાની ભુખ મટાડી હતે. પણ તે તો પોતાના સોબતીઓની સાથે દારૂ પીવાને અચકાયો નહિં અને પછી તેઓ સાથે ખાવું પણ પડ્યું.

તે ગ્રહસ્થ ધર્મશાળાનો ઓળખીતો હોવાથી તેની માવજત સારી પેઠે કરવામાં આવી, એક ચંમપેનની બાટલીને એક વાઈનદારૂની બાટલી તેને આપવામાં આવી અને જ્યારે બધાઓ પાસેથી પૈસા લીધા ત્યારે તેની પાસેથી એક પૈ પણ લીધી નહિ તેથી કરીને વીકટર ઘણો અજાએબ થયો. તેને કંઈ પેલા ગ્રહસ્થ સાથે એટલી બધી દોસ્તી નહુતી કે તેને આનું કારણ પુછે અને તે ગ્રહસ્થનેબી ખબર નહિ પડી કે વીકટરનું તેની ઉપર એટલું બધું ધ્યાન ખેંચાયલું છે.

ખાઈ રહી મુસાફર લોકો પાછા પેલી ગાડીપર બેસી ગયા અને અંધારાને લીધે તેઓ એક બીજાને જોઈ પણ શકયા નહિં. એક ફ્રેંચ ગ્રહસ્થે પોતાની ટોપી કાહડીને ગજવામાં મુકીને નાઈટકેપ પહેરી. આખી રાત ગાડી ચાલ્યા કીધી, તેમાં પેલી બુઢીતો ઉંઘાઈજ ગઈ ને આખી રાત ઘોર્યા કીધું, ને પેલો ગ્રહસ્થ, મેલવીલ ને મીસ બેટસી એ ત્રણ જાગ્યાં વાત કરતાં સવારનાં દશ વાગે તેઓ એમીનસ શહેરમાં આવી પુગાં ત્યારે પેલી બુઢી ઉંઘમાંથી ઉઠીને બોલી કે મેં તો કંઈજ ઉંઘ કાહાડી નથી

તે દીવસથી વીકટરને તેઓ સાથે સારી ઓળખાણ થઈ, ને પેલી બાઈએ પોતાના કોથલામાંથી બે કાર્ડ કાઢયા ને એક મેલવીલને ને એક પેલા ગ્રહસ્થને આપી બોલી કે લંડનમાં અમારે ઘેર પરોણા આવો એવી અમારી ખુશી છે.

તે કાર્ડપર નીચે મુજબ લખેલું હતું:

"મીસીસ ટેરીવીસ. નાο ૨ ટેરીનીસ ટેરેસ, કેમડન ટાઊન."

તે ડોશીએ કહ્યું "એ અમારા ઘરનું ઠેકાણું છે."

ચાર વાગે તેઓ સેન્ટપોલ આવી પહોચ્યાં ને ત્યાંના હોટેલમાં પણ તેજ રીતે તેઓએ ખાનું ખાધું, ને પહેલાં ને બીજાં હોટેલમાં જેમ પેલા ગ્રહસ્થની માવજત કરવામાં આવી હતી તેમ તે જગાએ પણ થઈ. વીકટરે વીચાર્યું કે એ કોઈ

છુપા વેશનો ઉમરાવ છે યાતો કોઈ મોટો ઉઠાવગીર છે કે જે લોકોને વાયદા કરીને પોતાનું કામ કરી લેછે. આ હોટેલમાં પણ તેની પાસેથી એક પૈ લેવામાં આવી નહિ. બીજે દહાડે સવારે તેઓ ત્યાંથી નીકળી કેલેમાં આવ્યાં અને ડીસીન હોટેલમાં ગયાં. ત્યાં તેઓએ થોડાવાર ઉંઘી ઉઠી કાફીરૂમમાં નાસ્તો ખાધો. ત્યાં પણ પેલા ગ્રહસ્થ પાસે પૈસા લેવામાં આવ્યા નહિ. નાસ્તો લઈને તેઓ કીનારાપર ગયા ને તેઓ ડોવર ખાતે જવાને એક આગબોટમાં બેઠા.

પ્રકરણ ૭મું.

રસ્તામાં વીકટરને દારૂ પીવાની તક મળી નહિં. પણ વહાણપર આવી પુગતાંજ તે કેબીનમાં દાખલ થયો જ્યાં તેને એક ગલાસ દારૂની વરદી કીધી. એક પુરૂં થયું કે બીજું મંગાવ્યું ને પછી તે ઉઠીને તુતક તરફ ગયો અને મોટે મોટે બબડવા લાગ્યો, "અરે લુઈ, તારી મુરતી જોવાથી મને એટલી હીંમત આવશે કે હું મારાં બધાં દુઃખોની સાંજે થઈ શકીશ."

પેલા ગૃહસ્થે પુછ્યું કે તું લંડન શાવાસ્તે જાય છે? તેપરથી તેણે કહ્યું કે "હું મારૂં નશીબ અજમાવવા ત્યાં જાઉંછું. હું વિદ્યા સંબંધી બાબદોમાં કીરતી મેળવવા માંગુંછું અને તેમાંથી પૈસો પેદા કરવાની ઉમેદ રાખુંછું."

પેલા ગ્રહસ્થે કહ્યું કે "એવા થોડાજ આદમી હશે કે જેઓ જાહેરમાં લખાણ કરીને તવંગર થયા હોય."

પછી તેણે કહ્યું કે "વારુ એ વાત પડતી મેલો-આપણે આટલી બધી વાર મુસાફરી કીધી પણ આપણે એકએકનું નામ તો જાણતા નથી."

તેણે જવાબ દીધો મારૂ નામ વીકટર મેલવીલ છે અને પેલા ગ્રહસ્થે કહ્યું મારૂં નામ ટીબીટસ છે.

વીકટરે કહ્યું, "પેરીસના ભોમીઓ એવું પુસ્તક તમે બનાવ્યું છે ?"

તેણે કહ્યું, "હા, કેટલાંએક વરસ સુધી લખાણનો ધંધો મેં કીધો, પણ હું કાંઇ કમાયો નહિ, અને હાલ મુસાફરોના ભોમીઆ તરીકે કામ કરૂં છું. અને પેરીસના કોઈ બી હોટલમાં મફત રહી શકું છું."

વીકટરે કહ્યું, "તમારી પાસેથી પૈસા લેવામાં આવતા નથી તેનું કારણ હું સમજી શકતો નથી."

તેણે કહ્યું, "તેનું કારણ એકે જે જે હોટલોમાં હું ખાઉં છું ને નાસતો કરૂં છું તે હોટલમાં ઉતરવાને હું મારા ભાઇબંધોને ભલામણ કરૂં છું. હવે તમે લંડનમાં એક ગ્રંથ કર્તા તરીકે જવા માગો છો ને તેથી તમારૂં ગુજરાન ચલાવવા માંગો છો પણ ત્યાં તમારી ભલામણ કરનાર કોઈ છે ?" તેણે કહ્યુ "ના."

"કોઈ બી પુસ્તક પ્રગટ કરનાર શાથે ઓળખાણ છે?"

તે કહે, "ના"

"કોઈ છાપનાર સાથે ઓળખાણ છે કે જે તમારી તરફથી મફત છાપી આપે?"

તે કહે "ના"

"તમારી પાસે કંઇ પૈસા છે કે જે વડે તમે છપાવી શકો ?"

તે કહે "ના. લંડનમાં પહોંચ્યા પછી એક અઠવાડીઉં સુધી મારૂં ગુજરાન ચાલે એટલા પૈસા છે."

"ત્યારે તમે ત્યાં ફાયદો શું મેલવી શકવાના ? તેના કરતાં તો તમે કોઈ વખારમાં ચોકીબાન અથવા કોઇ ઠેકાણે ઘંટ વગાડનારા અથવા બીજો કોઇ ધંધો કરો તો ઠીક. મારૂં તમે કહ્યું માનો ને તમારો આ વીચાર છોડી દેઓ, કારણ લખવાના ધંધામાં મીત્ર અને પૈસાની જરૂર છે."

મેલવીલ કહે, " જો હું ખંત રાખીશ તો ફતેહ મેળવીશ. શુ હું એક સરસ ચોપડી લખીશ તો શું તે કોઈ પસંદ કરશે નહિં? બધાજ લખનારા કંઈ કમનસીબ હોતા નથી."

પેલા ગ્રહસ્થે કહ્યું " મારો પોશાક જુઓ. હું તદન ભીખારી થઈ ગયલો છું અને મારી ધોબણને હુ પૈસા આપીશ કે નહિ એટલો તેનો મારીપર વીશ્વાસ પણ નથી અને તેથી મારાં કપડાં પણ મેલાં છે અને હું પોતે ગ્રંથ કર્ત્તા છું. તમારી માફક મેં પણ પોતે કામ શરૂ કરેલુ, પણ છેવટે ભૂખે મરવા લાગ્યો. મેં પુસ્તકો લખ્યાં પણ કાંઈ વળયુ નહિ. હું મારી ફીકર મટાડવા દારૂ પીવાની ટેવમાં પડ્યો અને હાલ હું ભોગીઆનુ કામ કરૂં છું તેથી કરીને હું તદન ભુખે મરતો બન્યું છું."

મેલવીલ કહે "તમારો હેવાલ સાંભળી ઘણો દલગીર છું."

ટીબેટસે કહ્યું "હું જે તમુને સલાહ આપું છું તે તમને પછીથી યાદ આવશે. મારી સલાહ ખરી છે ને લંડ-નમાં તમને હું મારાથી બનતી મદદ કરીશ."

આ વખતે મીસીસ ટેરીવીસ કેબીનની અંદર એક કોચપર સુતેલી હતી, જે એકાએક કોચપરથી તુટી પડીને મુડદાં જેવી થઈ પડી. તેની છોકરી પણ ગભરાઈ ગઇ અને લંડન જઈ પહોંચ્યા પછી પોતાને જે ગભરાટ અને ચીડ પોતાની મુસાફરી દરમ્યાન ઉત્પન્ન થઈ હતી, તેનું પુસ્તક લખવા વીચાર કીધો.

છેવટે ડોવરની મુસાફરી પુરી થઈ, ને તે લોકો એક હોટલમાં ઉતર્યા અને મીસીસ ટેરીવીશ અને તેની છોકરીએ ત્યાં ખાનું ખાઇને એકેક ગલાસ વાઇન લીધો.

એટલામાં મી૦ ટીબેટસને હોટલવાળા તરફથી બીલ આપવામાં આવ્યું કારણ તે હોટલવાલાને બાહેરમાં પોતાની

તારીફ છપાવવાની કે ફેલાવવાની હવે ગરજ હતી નહિ અને તે બચારા ગરીબ ગ્રંથકારે હાય મારીને પોતાની કોથલીમાંથી આ પેહેલીજ વાર પઈસા કાઢી આપયા.

પ્રકરણ ૮ મું.

વીકટર સહવારના છ વાગે ઉઠયો તેજ વખતે તેઓની ગાડી લંડનમાં દાખલ થઈ અને પોતાની દારૂ પીવાની ટેવથી તેની જે માઠી હાલત થઈ હતી તે વીસે વીચાર કરીને ખુબ દલગીર થયો.

ગાડીમાંથી ઉતરતાંને વાર વીકટર, પેલી બે બાઈઓને તેમને મકાંને પહોંચાડવા ભાડુતી ગાડી લઇ આવ્યો. તે બુઢી બાઈએ કહયું કે તમો બેઉ ગ્રહસ્થોએ અમારે ત્યાં જરૂર પધારવું.

મેલવીલે કહ્યું "હું તમારૂં નોતરૂં ભુલીશ નહિ." ટીમેટસે મેલવીલને પુછયું કે "હવે અહીંઆ આવ્યા પછી શું કરશો?"

તેણે કહયું "હું મારે વારતે પ્રથમ એક સસતું રેહવાનું ઘર શોધી કાઢીશ."

ટીમેટસે કહયું કે "જ્યાં હું રહું છું ત્યાં તમે બી આવોના, કારણકે ત્યાં હમેશાં બે ત્રણ ઓરડા ખાલી હોય છે. બારથોલો મ્યુકલોઝ મોહલામાં ઘરો મોટાં ને ઉંચા હોય છે ને તે મોહોલાના ઘરવાળાઓ ભાડુતોની કંઇબી તપાસ કર્યા વગર એકદમ તેમને ઘર ભાડે આપે છે, અને જો ભાડું ન આપે તો તેમને એકદમ ખાલી કરાવે છે. આ ઘરોના દરવાજા રાતને દીવસ અડધા ઉઘાડા રહે છે અને કોઈને બી કામ હોય છે તો ઓરડાનું જે નંબર હોય તેટલા ટકોરા બહારથી મારે છે, એટલે ઘરમાંના રહેવાશીઓ બહાર નીકલી આવે છે."

એ મહોલ્લાની અંદર એલબીઅન બીલડીંગ નામના મકાનમાં ટીબેટસ મેકવીલને લઈ ગયો. તે તેને ઘરનાં ચોથા મજલાપર એક ઓરડામાં લઈ ગયો. જયાં તે પોતે રહેતા હતા તે ઓરડાના વચમાં એક પેટી મુકેલી હતી અને ફુરતની વગરનો એક કંતાનનો ઘોલીઓ હતો અને એક ટેબલ પર થોડા કાગલ પડેલાં હતાં. ભીંતે કેટલાએક ચીત્રો વલગાવેલાં હતાં. ટીબેટસ બોલ્યો "આ મારૂં ઘર છે. એ જો કે ગરીબડું ઘર છે તોપણ મારો જીવ ખુશ થાય છે અને તે ઘણું સગવડ ભરેલું છે."

મેકવીલે કહયું "કુંવારા ગ્રહસ્થને માટે ઘર સારૂં છે."

પછી ટીબેટસે આતશ સલગાવ્યો. નળમાંથી થોડું પાણી લાવ્યો. પ્યાલાં રકાબી લુછીને નાસ્તાની તૈયારી કીધી. પછી તે એક પાઉં લઈ આવ્યો અને ગાંધીને ત્યાંથી આંઉંસ ચાહ અને ચાર ઇંડાં લઈ આવ્યો. થોડુંક દુધ અને માખણ લાવ્યો. ને તે લોકો; જલદીથી ખાઇ ગયાં ને નાસ્તો કરી રહ્યા પછી ટીબેટસે કહયું "કે આપણે જરા જરા દારૂ લઈએ" એમ કહી ઇંડાંના કોટલાની અંદર થોડો દારૂ નાખ્યો કારણકે ગલાસ હતું નહિ. વીકટર દારૂના વાશથી બહુ મગન થઈ ગયો અને બે અથવા ત્રણ ડ્રામ જેટલો પી ગયો. પછી ટીબેટસ ઉપલા મેંજલાપર ગયો ને મી૦ રોબસ કરીને હાંક મારી એટલે તે ગ્રહસ્થ ઉપર આવ્યો. તે તેમને સલામ કરીને બેઠા અને એક ઇંડાંનું કોટલું ભરીને દારૂ તેણે બી પીધો. પછી ટીબેટસે વાત ચલાવવા માંડી "આ જુવાન માણસને એક ઓરડો ભાડે જોઈએ છે. તમે ભાડે આપશો." "મોટી ખુશીથી; અને દર શનીવારે ભાડું લેતી વખતે આપણને કોઇ દહાડો ટંટો થયો નથી અને મારા ઘરમાં ઘણાં ગ્રંથકર્તાઓ રહી ગયા છે તેમાના કોઇએ બી તમારી માફક નીયમસર ભાડું આપ્યું નથી અને તેટલા વાસતે મી૦ ટીબેટસ હું તમારી સલામતી લઉં છું" એમ કહીને એ ઘરવાલાએ બીજો દારૂ પીધો.

"પણ મી૦ રોબસ, તમારે ત્યાં કોઈ ઓરડો ખાલી છે?"

તેણે કહ્યું, "છે. ત્રણ અઠવાડીઆં થયાં તે ખાલી છે. એ ઓરડાની અંદર અગીઆર માણસનું એક કુટુંબ રહેતું હતું."

વીકટરે પુછ્યું કે "બે ત્રણજ આદમી રહેલા હોય એવો કોઇ ઓરડો તમારે ત્યાં છે?"

ઘરવાલાએ કહ્યું "હા," અને ટીબેટસ રહેતો હતો તેની બરાબર નીચેના ઓરડામાં તેઓ ગયા.

તે બોલ્યો કે "આ ઓરડો છે તેની ભોંય બધી કાળી થઈ ગયેલી છે. અને પાટીઆંની ભીંત કોઈ દીવસ ધોઈ નહીં હોય એટલી મેલી છે."

જો આ ઓરડો આવો હતો તોપણ પોતાની ગરીબાઈને લીધે અઠવાડીઆનું ભાડું કબુલ કરીને તે ત્યાં રહ્યો, એક અઠવાડીઆનું ભાડું ૩ શીલીંગ ૬ પેનસ આગવરૂ આપ્યું.

પછી ત્રણે જણાઓ સાથે એક દારૂની દુકાનમાં ગયા. તે દારૂની દુકાન ઘણી ભપકાબંધ હતી અને એક ખુબસુરત અને સારા પોશાકમાં શણગારેલી સ્ત્રી સરવેને દારૂ પીરસતી હતી. તે દુકાનની અંદર ત્રણ કંગાલ દેખાવની બુઢી સ્ત્રીઓ હતી કે જેઓ દારૂ પી ભારોભાર થઈ હતી અને તે લોકોના મનમાં એવો વીચાર હતો કે દારૂ પીધાથી જુવાની આવે છે અને ખુબસુરતી વધે છે, પણ ઉલટી દારૂથી તેઓની જુવાની જતી રહીને કવખતનો બુઢાપો આવ્યો હતો, અને તેઓની અંદરથી જુવાનીનો દરેક અંસ જતો રહેલો હતો.

તે દુકાનના બીજા ભાગમાં ત્રણ ચાર પુરૂષો હતા જે લોકો પી દારૂના ગલાસો એક બીજાને આપતા હતા.

તે દુકાનની અંદર વીકટર દાખલ થયો તેજ વખતે એક બાઈ પણ દાખલ થઈ. તેણીના હાથમાં એક નાનું બાળક હતું. તેણીએ એક દારૂનું ગલાસ મંગાવ્યું અને તે બધું પી ગઈ અને પોતાનુ બાળક કે જે બે વરસનુ ન હતું તેને પણ થોડાં ટીપાં આપ્યાં અને એ રીતે તે કમનસીબ બાઈ પોતાના બાળકને દારૂની ટેવ પાડતી હતી.

વીકટર આવા લોકોની સોબતમાં પોતાની વહાલી લુઈ ને ભુલી ગયો અને પોતે કેવો ખરાબી અને નામોશીના ઘરમાં આવ્યો હતો તે પણ ભુલી ગયો. અને છુટે હાથે દારૂ પીવા લાગ્યો. એ પ્રમાણે બે ત્રણ કલાક સુધી ચાલ્યું અને જે વખતે તે પીઠામાંથી નીકળ્યો તે વખતે તેનું મોં લાલ થઈ ગયું હતું અને તેના પગ ઠરતા હતા નહિં જોકે મી૦ ટીબેટશની સાથે તેણે દારૂ પીધો હતો પણ તે કાંઈ એના જેટલો છાકટો થયો ન હતો.

પીઠામાથી વીકટર પોતાના નવા ઘરમાં આવ્યો અને સાંજના ૪॥ વાગે તદન છાકટી હાલતમાં સુઈ ગયો. અને મી૦ ટીબેટસ તો પાછો પીઠામા જઈને ઘરવાલા રોબર્સ સાથે દારૂ પીવા મંડયો.

પ્રકરણ ૯ મું.

થોડોક વાર રહીને વીકટર જાગ્યો પણ તેનું માથું દુખતું હતું. તે ગુસ્સાથી પોતાના બાલ પીખવા લાગ્યો અને મનમાં પસતાવા લાગ્યો કે હું છાકટા લોકોની સોબતમાં ભેળાયો. દારૂ ઉતરી ગયા પછી તેને પોતાની લુઈ વીશે વીચાર આવ્યો. તેનામાં પોતાનું છાકટપણું અટકાવવાની શકતી નહીં હતી એવો તેના મનમાં વીચાર આવ્યો, એટલામાં ટીબેટસ ઓરડામાં દાખલ થયો અને હસીને બોલ્યો કે "તમે તો બહુંજ છાકટા થયા હતા."

એ ઉપરથી મેક્સીલે પોતાનું ડોકું ધુણાવ્યું. ટીમેટએ પોતાના ગજવામાંથી એક બ્રંડીની બાટલી કા'ડી, ગલાસમાં રેડીને તે મેક્સીલને આપ્યો અને તે પી ગયો અને પોતે જે દારૂના અવગુણ વીશે હમણા પસતાતો હતો તે વીશે તદ્દન ભુલી ગયો. પછી તે પોતાના કપડાં પેહેરવા ગયો અને ત્રણ અથવા ચાર હાથની લખેલી નકલો પોતાના ખીસામાં મુકી અને પોતે જે દારૂ પાયેલો હતો તેની જુમમાં ને જુમમાં પેટરનોસ્તરના મહોલા તરફ ચાલ્યો, કારણ કે તે મોહોલામાં પુસ્તક વેચનારાઓની પુશકળ દુકાનો હતી.

વીકટર આ લત્તાપરના એક દુકાનદાર પાસે ગયો ત્યાં એક બુઢો આદમી ચશમા પેહેરીને બેઠેલો હતો. વીકટર તેની કને ગયો પછી ધીરજથી તેના કાનમાં કહ્યું "હું લખાણ કરી શકુ છું અને તે ધંધામાં તમારી મદદ માગવા આવ્યો છું."

તે પુસ્તક વેચનારાએ કહયું "ભાઈ, તમને કોણે મોકલ્યા ?"

તેણે જવાબ દીધો, "મને કોઇ સાથે ઓળખાણ નથી અને કોઇએ મોકલ્યો નથી પણ હું મારી મેળે સાહેબ આવ્યો છું."

તે બુઢો બોલ્યો, "હવે હુ સમજ્યો કે તમે સાહીત્યમાં નામ કા'ઢવા માંગો છો અને તેટલા વાસ્તે તમે આવ્યા છો પણ સાહેબ, એ કામ કેમ ચલાવવામાં આવે છે તેની તમને સમજણ નથી."

"અને હું તમને તમારા કામમાં અડચણ આપવા આવ્યો તેથી માફી માંગુ છું" એમ કહીને વીકટર રડી પડ્યો.

તે બુઢાએ ઘણીજ નરમાસથી કહયું "મેં સાહીત્ય વીશે એક ચોપાન્યુ પ્રગટ કર્યું છે, અને તમે તે વાંચ્યું હશે અને તે ઉપરથી તમે મદદ માગવા આવ્યા છો. કંઇ ફીકર નહિં."

"તે ચોપાનીઆનો અધીપતી કોણ છે" વીકટરે પુછ્યું.

તે બુઢાએ કહ્યું કે "તે તો વાત જુદી છે પણ તમે હવે શું કામે આવ્યા છો તે મને કહો."

મેલવીલે કહ્યું કે "હું તમારે ત્યાંની રસમથી તદન અજાણ્યો છું."

"મને પણ એવુંજ લાગે છે. પણ હવે તમે મને શુ કહો છો તે કહો."

વીકટરે કહ્યું "સાહેબ, હું મારા લખાણનાં કેટલાંએક નમુના લાવ્યો છુ અને આગલ હું પેરીસમાં એક વરતમાન પત્ર ચલાવનારને ત્યાં નોકરી કરતો હતો"

"ત્યારે તમે તો આગલ કંઇ લખાણ કરેલું હોવુ જોઈએ?"

એજ વખતે એક કલાર્ક દાખલ થયો તેથી તે બુઢાએ મેલવીલને પાસેના ઓરડામાં બોલાવી લીધો.

મેલવીલે કહ્યું "આ એક કવીતાનું લખાણ છે."

બુઢો કહે "અરેરે, એતો કચરો; હમણા કવીતાનાં લખાણનો કોઈ ભાવ પુછતું નથી. તે છતાં જરા દેખાડો તો ખરા."

પછી તે બુઢાએ પોતાના ચસ્મા ચઢાવીને તે કવીતા વાંચી અને કહ્યું કે "એ કંઈ ઘણી ખરાબ કવીતા નથી પણ મહીને દહાડે એક ગીનીના પગારે મારાં ચોપાનીઆને માટે કવીતા લખવા મેં એક માણસ રાખેલું છે. ફકત અમુને તો અમારા ચોપાંનીઆની અંદર કોઈ કોઈ પાનાપર કવીતા લખવી જોઇએ, માટે આ ઉપરથી તમે જોશો કે કવીતા લખવાથી તમને રોટલી પર માખણ લગાડવા જેટલુ બી મલનાર નથી."

મેલવીલ વચમાં બોલી ઉઠયો કે "કદાચ રોટલા બી ન મલે કે?" એમ કહીને તે પુછવા લાગ્યો કે "હું તમારે ત્યાં કરી શકું એવું બીજું કંઇ કામ નથી?"

"હા, જો કદાચ તમે ઘણીજ રમુજી વાત નાટકને લગતી મારા ચોપાનીઆમાં લખશો તો તે કદાચ ચાલે."

આ ઉપરથી વીકટરે તેનો ઉપકાર માન્યો અને સલામ કરીને ચાલી ગયો, અને આ મુલાકાતથી નીરાશ નહીં થવાથી તેણે બીજાં પુસતકો પ્રગટ કરનારને ત્યાં જવાનું મન કીધું અને તેટલાં રસ્તામાં એક દારૂની દુકાન આવી ત્યાં એક ગલાસ દારૂ પીધો.

પછી તે બીજી દુકાનમાં ગયો, જ્યાં એક મધ્યમ ઉમરનો માણસ બેઠેલો હતો તેને વીકટરે કહ્યું કે "મેં એક નાટકને લગતુ પુસ્તક તૈયાર કર્યું છે તે પ્રસીદ્ધ કરાવવા સારૂ તમારી કને આવ્યો છું."

તેણે પુછ્યું, "તમે કેવી બોલીથી પ્રગટ કરાવવા માંગો છો ?"

"સાહેબ, હું તો પે[illegible] બદલામાં વેચી નાંખવા માંગું છું."

તે છાપનારે કહ્યુ, કે "હાલ નાટકનો કોઈ ભાવ પુછતુ નથી."

મેલવીલે કહ્યું "સાહેબ, મેં તે ઘણી નવીજ ઢપથી તૈયાર કરેલો છે."

તેણે કહ્યુ, "શું, ફ્રેંચપરથી તેનો ઉતારો કીધો છે ?"

તેણે કહ્યુ "ના, તે તદન નવુંજ લખાણ છે."

તે પુસ્તક છાપનાર બોલ્યો કે "ત્યારે એમાં કંઈ તમારૂ વલશે નહીં, કારણકે જ્યાં સુધી કોઈબી નાટકનું પુસ્તક ફ્રેંચ પરથી લીધું નહીં હોય ત્યાં સુધી તેનો ટકાવને ઉઠાવ થઈ સકતો નથી."

વીકટરે કહ્યું "જરા જોવ તો ખરા, સાહેબ."

તે ચોપડીવાળાએ જોઈને કહ્યું કે, "હા, એ લખાણ તો ઘણું ગંભીર છે."

વીકટરે કહ્યું "હું તે નાટકની બાબદ વીશે તમારી આગલ થોડું વાર્ણન કરૂં કરીને તેનો સાર કહ્યો જેથી પુસ્તક વાલાએ પાછું આપીને તેણે કહ્યું કે "તમારે શોકકારક લખાણ કરવું નહીં જોઈએ; જો તમે કંઈ હસવા જેગ બાબદ પર લખાણ કરો. તો તમુને કંઈ ફાયદો થાય" તેણે વધારીને કહ્યુ કે " નાટકની અંદર કોઈ મશકરા અથવા મુર્ખાનો ભાગ બજાવે એવુ પણ થવુ જોઈએ, અને તે સાથે તમારે મજાના શોખ ઉપર ધ્યાન આપવું જોઈએ નહીંતો, તમારી ચોપડી કેમ ખપે ?"

વીક્ટરસલામ કરીને ચાલી ગયો પણ વળી એક પીઠામાં જઈ બીજું દારૂનું ગલાસુ પીધાથી તે ખુશ મીજાસમાં આવી ગયો અને બીજા બે ત્રણ દુકાનદારો પાશે ગયો અને તેમની મદદ માગી.

એક ઠેકાણે તો તેને સાફ ના પાડવામાં આવી, બીજે ઠેકાણે તેની સાથે નરમાસથી વાત કરવામાં આવી પણ તેની અરજ નામજુર કરવામાં આવી અને ત્રીજે ઠેકાણેથી તેને કહેવામા આવ્યું કે "લખાણ કરનારાઓ એટલા તો વધી ગયા છે કે તેમાંથી અરધા ભાગે ભુખે મરવું જોઈએ.' અને ચોથી દુકાનમાંથી કહેવામાં આવ્યું કે 'છ મહિના રહીને આવજો.'

આ પ્રમાણે તે નારાશ થઈ ગયો અને મોડુ થવાથી અને પાંચ વાગે પોતાના મીત્ર ટીબેટસ સાથે જમવાને કબુલેલુ હોવાથી તે વહેલો ઘેર ગયો. ચાલતાં ચાલતાં તેણે મનમા ઠરાવ કીધો કે દારૂની ટેવ છોડી દેવી અને લુઈને લાએકનો થાઉં અને ઘેર જતા જે એક પીઠું આવ્યું ત્યાં ન જતાં તે પાધરો પોતાને ઘેર ગયો, અને પોતાના ઠરાવ વીશે ઘણો મગરૂરીમાં આવી ગયો.

પણ એના મનની હાલત કેટલો વાર ટકી શકે ? એક કલાક પણ નહિ; કારણકે ત્યાં તો ટીબેટસે બ્રાંડીની બાટલી તૈયાર કરી રાખેલી હતી.

પ્રકરણ ૧૦ મું

પછી તે ટીસ્ટમના ઓરડામાં ગયો, અને તેની ઘણી સમજાવટથી તેણે છેલ્લે સરવાળે એક ગલાસ દારૂનું પીધું. થોડો વાર વાત ચલાવીયા પછી બીજાં ગલાસ વખતે વીકટરને પહેલાંની માફક કાલાવાલા કરવા પડયા નહીં, અને એ પ્રમાણે તેણે ત્રીજું ગલસ પણ પીધું. મી. ટીગ્સે હવે હદબાહેર પીધાથી ગાવા તથા અને મરઘાની બોલી બોલવા લાગ્યો અને દારૂ તો જાણે પાણી હોય તેમ ઢીચતો ગયો, ને પછી બુમ બરાડા મારવા લાગ્યો.

વીકટર પણ છાકટો બની ગયો હતો. અને જ્યારે સવારના ઉઠયો ત્યારે તેણે પોતાને પોતાના બિછાનાપર જોયો; પણ તે ત્યાં કેમ આવ્યો તેનો તેને ખ્યાલ વટીક આવ્યો નહિ. પછી તેને યાદ આવ્યું કે પાસેનાં ઘરવાલો રોબસ આવીયો હતો અને ટીગ્સનેકહયું હતું કે એટલો બધો ગોંધાટ ના કરો ત્યારે તે ત્યાંથી પોતાના ઓરડામાં ગયો હતો.

બીજે દહાડે, વીકટર પોતાના ઓરડામાંજ પડી રહયો અને ટીગ્સે તેણે બહાર આવવાની ઘણીજબહેંશ કીધી તોબી તેણે ના પાડી, અને તે રાતના સારી પેઠે ઉંઘયે. તે સહવારના તદરોસ્ત ઉઠયો અને એક ચ્યાર ભરેલુ કાગળ પોતાની મેજુપર લખ્યુ અને ત્યાર પછી તે ચોપડી પ્રગટ કરનાર માટે એક વારતા લખવાનાં વીચારમાં પડયો. કંઈ પણ ખાસ બીનાથી વાકેફ થયા વગર તેણે લખવું શરૂ કર્યું, અને થોડા વખતમાં એક વારતા જોડી કહાડી. એટલામાં તેનુ બારણું ઉઘડયુ અને અંદર એક જણ આવ્યો કે જે ટીગ્સ હતો. તેણે પુછયુ તુ શું કરતો હતો. વીકટરે જવાબ દીધો હું એક કહાણી લખતો હતો.

"ચાલ આપણે દારૂ પીઈએ.

પછી વીકટરને એવો વીચાર આવ્યો કે ગ્રંથકર્તા પણ એક સાધારણ માણસ છે, ને દરરોજ પોતે ધંધો કરે છે. અને તેમ મને પણ ધંધો કરી બીજાની પેઠે ખાવું પીવું જોઈએ છે, પણ તેઓ કાંઈ મારી પેઠે હવામાં કીલા બાંધતા નથી એમ તેને મનમા વિચાર આવ્યો.

પછી ટીબેટસના ઓરડામાં ખાનું પીરસવામાં આવ્યું અને મીસીસ ડંકન જે ઘરનું કામ કરનારી હતી તે દારૂ લેવા ગઈ, સહેજમાં લાવી વીકટરને આપ્યો અને તેણે ઘણી ખુશીથી તે પીધો. થોડીવાર રહી ટીબેટસે બ્રાંડીની બાટલી મંગાવી અને તેમાંથી થોડોક પીને બોલ્યો કે "આજનું ખાનું તો ઘણુંજ સારૂ છે, પણ કાલે શું ખાઇશું ?"

વીકટર કહે, "મારા બી પઈસા પુરા થઈ ગયા છે અને એક બી પાઉંન્ડ બાકી રહ્યો નથી, પણ વખત મારી વારતાના પઈસા કદાચ આવશે."

ટીબેટસે કહ્યું, "નહીં, તમે ખરેખર હજુ તાજા છો." અને પોતે પોતાનો માલ ઘરેણે મુકવાની મરજી વીકટરને જણાવી, તેણે પોતાના ગજવામાંથી ૩૦) ચીઠીઓ કાહડી અને મેલવીલને બતાવીને કહ્યું કે "આએ મારી ચીજો જે ઘરેણે મુકેલી છે તેના લખતો છે, અને જો એ લખતો જેમ પેરીશમાં વેચાય છે તેમ લંડનમાં વેચાતાં હતે તો હું વેચી નાંખતે." એમ કહી બ્રાંડીનું ગલાસ ચઢાવીને તેઓ છુટા પડયા.

પ્રકરણ ૧૧ મું.

રાતના દશ વાગેલા હતા ને શઘળા વેપારીઓ અને ધંધાદારીઓ આરામ લેતા હતા ત્યારે ચોર, જુગારીઓ અને બીજાઓ પોતાનાં કાળાં કરમ કરવા નીકલેલા હતા, એવામાં વીકટરને ફ્લીટ સ્ત્રીટમાં લઈ જવામાં આવ્યો, અને ત્યાંથી તેઓ કીસટર સ્કવેરમાં ગયા. ત્યાં બધા જુગારી લોકો એકઠા થએલા હતા, ત્યાં એકની કને પઈસાની પેટી પડેલી હતી અને બાકીનાં જુગારો રમવામાં રોકાયલા હતા. ત્યાં એક જુવાનીઓ હતો કે જે જેમ હારી જતો તેમ તેમ બ્રાંડી પાણી ચઢાવતો હતો અને આખરે તેણે ધુનમાં ને ધુનમાં એક માણશનાં અંગ પર દારૂનું ગલાસ ફેંક્યું તે ઉપરથી ઝપાઝપી થઈ ને વીકટરને ટીબેટસ ત્યાંથી બીહીને નાઠો. વીકટરે કહ્યું કે "તમે મને અહીઆં લાવીયા તે માટે હું દીલગીર છુ. હું કદીબી ત્યાં થોભીશ નહિ."

ટીબેટરી કહ્યું, "હું આની અંદરની બધી ચીજો હવે મને દેખાડવાની મરજી છે."

ત્યાંથી આગળ ચાલતાં તેઓ એક એવા ઘરમાં ગ..ના કેટલાએક ભુખ્યા દેખાવના ચીથરેહાલ કંગાલ માણસો જમવા બેઠેલા હતા. તેઓને રાતનું ખાણું પીરસવામાં આવ્યું હતું. જમી રહ્યા પછી સર્વે જણા દારૂ પીવા લાગ્યા અને મેલવીલને બોહોસ કરવામાં આવી એટલે તેને પણ દારૂનાં ગ્લાસો લેવા માંડયા. એમ કરતાં તે ત્યાંના ભીખારી લોકો સાથ વાતમાં પડયો અને સ્હેજ વારમાં તેઓનો મીત્ર થઈ પડયો અને દારૂની અસરથી છેક નીચ અને હલકો માણસ બની ગયો.

એવી હાલતમાં તે પોતાને ઘેર જઈ સુતો અને સવારમાં ઉઠતાંને વાર ઘરવાલો એક ચીઠી લઈને આવ્યો તે ચીઠીની કોરપર કાળી ધાર હતી. તે ચીઠી વાંચતાંને વાર મેલવીલ તકીઆ ઉપર પડયો અને દલગીર થઈ નીસાસો નાખ્યો 'ઓ પરમેશ્વર, હવે હું શું કરૂં. મને મદદ કરવાને કોઈ મીત્ર નથી."

તે ચીઠી આપીને રોબસ તો નીચે ઉતરી પડયો અને પોતાના ભાડુતોના બીલ લખવામાં ગુંતાયો, તેટલામાં કોઈએ તેનું બારણું ઠોકયું અને આશરે ૬૫ વરસની ઉમરનો એક બુઢો માણસ આવ્યો. તે સ્હેજ બહેરો હોય એવું લાગતું હતું, અને તે ગ્રહસ્થ જેવો હતો તે બોલ્યો "સાહેબ, તમે ઘર ભાડે આપોછો એવું મેં સાંભળ્યું છે."

એમ કહી તે માણસે જે ઓરડામાં રોબસ બેઠેલો હતો તેજ ઓરડાનું શાટ્ઠું કર્યું. તે ઓરડામાં જે ફરનીચર ગોઠવેલું હતું તેનું પણ સાટ્ઠું કીધું અને તે સામાનની અસલ કીમત કરતાં બમણા રૂપયા આપવા મંડયા.

આ લાભથી જેગરા મીટસે તો ખુશી થઈ ગયો કે જે પઈસા તેણે વધારે મેળવ્યા હતા તેમાંનો મોટો ભાગ પાસેના પીઠામાં જઈને દારૂ પીવામાં ખરચી નાખ્યો. મેલવીલ પોતાના ઓરડામાં બેઠો હતો તેટલાં ટીમેટસ આવ્યા તેની આગળ બોલ્યો કે "મારે તો હવે દુઃખ [illegible] લીધે બહુ નીરાશ [illegible] મારી પછવાડે દુઃખ અને દુઃખજ આવ્યા કરે છે."

ટીમેટસે કહ્યું "હવે મારી પાસે તમને ખુશી કરવાને ટીપું પી દારૂ રહ્યો નથી."

વીકટર બોલ્યો "એ વાત ના [illegible] સાંભળો. પેરીસ શેહેરમાં એક છોકરી જે જે મને ઘણું [illegible] ચાહે છે તે બાઈનો વાલી જે તેણીને બાપના જેવા ચાહથી પાલતો હતો તેના મરણ પામવાના સમાચાર મલ્યા છે તેથી મારો જીવ બહુ દલગીર થયો છે."

ટીમેટસે કહ્યું "ત્યારે તમે તેણીની સાથે પરણતા કેમ નથી?"

વીકટર કહે "પાસે એક રાતી કોડી મલે નહિ તે કેમ પરણાય!" એમ કહીને તે એક પાણીની શીશી ટેબલપર પડેલી હતી તે દારૂને ઠેકાણે પી ગયો ને બોલ્યો, "અરેરે, એતો પાણી છે." એમ કહીને ઓરડામાં ફરવા લાગ્યો.

જેમ જેમ તે ફરવા લાગ્યો તેમ તેમ તેનાં મગજના વીચારો ભમવા લાગ્યા અને તેનું મન ગુંચવાડામાં પડ્યું. અને તેનું શરીર ધુજવા લાગ્યું. તેને કાંઈ સુજ પડ્યું નહિ ને તે પોતાનો જીવ કાઢવા તત્પર થયો. તે આપઘાત કરવાનો વીચાર કરતો હતો એવામાં તેનો હાથ ટીમેટસે પકડ્યો અને કહ્યું કે "એમ રાતે તે છોકરીને પરણવાનો રસ્તો નથી."

વીકટરે કહ્યું "હું બસ જીવવાને લાયક નથી."

ટીમેટસે પુછ્યું "તમારી કને કંઈ પઈસા છે?"

"એક ફારથીંગ પણ નહિ; જે કાંઇ રહેલ હતું તે ગઇ રાતનાં ભીખારખાનાની અંદર ખરચી નાંખ્યાં છે."

તેના મનમાં લુઇનોજ વીચાર આવ્યા કરતો હતો, કેમકે તેણીની સંભાળ લેનાર ત્યાં કોઇબી માણસ હતો નહિ. અને તે કંઇબી રીતે થોડા પેંડ મેલવી તેને મળવાની આશા રાખતો હતો.

ટીગટસે કહ્યું, "જો તને કાંઇ નાણાં જોઇતા હોય તો રોબસ પાસે મળી શકશે. પણ તે ગાગ ને તમારા જેવા અજાણ્યા માણસને ધારશે નહિ. અને જો કોઇ પઇસા ધીરશે નહીતો તે છોકરી તમારા હાથમાંથી જતી રહેશે પછી તમે શું કરશો?"

વીકટર બોલ્યો, "હું શું કરૂં; ભુખે મર્યા વગર બીજો ઉપાય નથી."

એવામાં ટીગટગ બહાર જઇને એક બ્રાંડીની બાટલી લઇ આવ્યો અને તેમાંથી થોડો વીકટરને પાયો; ત્યારપછી એક બીજું ગલાસ પાયું અને તેને કહ્યું, "રોબસ પાસે પુષ્કળ પઇસા છે અને તે પઇસા ક્યાં રાખે છે તે હું જાણુંછુ. તે લુચ્ચો બધા પઇસા એક કોથળીમાં ભરી રાખે, માટે આપણે એનો ઘાટ ઘડીશું." એમ કહીને એક બીજું ગલાસ વીકટરને આપ્યું. તેણે ખાધેલું ન હોવાથી દારૂ ચડી ગયો. ત્યાર પછી તેણે ફરીથી લુઇના કાગલનો વીચાર કીધો પણ શું કરવું તે વીશે કંઇ સમજણ પડી નહિ.

પ્રકરણ ૧૨ મું.

એક કાગલ લખીને પોતાની ગરીબ હાલત તેણીને જણાવવી એ પણ તેને ઠીક લાગ્યું નહિ તેથી તાબરતોબ તેણી તરફ જવાનો તેણે વીચાર કીધો. તેણે ટીગટશને પુછ્યું "બારી વ્યાજ લઇને રોબસ પઇસા આપશે?"

ટીમેટસે કહ્યું "હા."

એટલામાં ઘડીઆલમાં બાર વાગ્યા. વીકટર બોલ્યો "બાર વાગ્યા પણ કાંઇ કામ થયું નહિં. હું લુઇ ઉપર કાગલ લખુ."

તેનો દોસતદાર બોલ્યો, "તારી પાસે પોષ્ટના પઇશા ક્યાં છે?"

વીકટરે કહ્યું "શું તું એટલા પઇસા મને નહિ ધીરશે?"

તેણે કહ્યું "રોગરસ પાસે જાઓ. એ તમને પઇસા ધીરશે."

ત્યાર પછી ટીમેટસે તે હોટલવાલાને કહીને દારૂની બાટલી ને ખાનું મંગાવ્યું અને મેલવીલની સાથે ખાવા પીવામાં પડ્યો. રાતના અગીઆર વાગાનો વખત હતો. મેલવીલ એક ગલાસ ભરીને દારૂ પી તૈયાર થયો તેટલા ટીમેટસે આવી કહ્યું કે આ વખતે સઘળાં લોકો ઉંઘેલા છે માટે આપણે આ દારૂ પી તૈયાર રહેવું જોઇશે એમ કહી પોતે પણ એક ગલાસ ઢાંક્યું.

મેલવીલ બોલ્યો, "દરવાજો બંધ થઇ ગયો હશે ત્યારે?"

તેના સોબતે કહ્યું, "મારી કને એક કુંચી છે એટલે કોઈ પણ વાતની ફીકર નથી."

પછી તેણે પ્રથમ તે ઘરના માણસો સુતેલા છે કે નહિં તે વીશે ખાળ કહાડી અને મેલવીલના ઓરડામાં પાછો આવી તેને શું શું કરવું તે જણાવ્યું. પણ મેલવીલે એવી લુચ્ચાઈ કરવાને સારૂ ના પાડી. પણ પાછો તેને લુઇને મળવા જવાનો વીચાર આવ્યો તેથી નાચારીએ ટીમેટસની સલાહ કબુલ કીધી. મધરાતના આકાશપર એકાએક ભારે તોફાન થઇ આવ્યું અને વીજળીના ચમકારા થવા લાગ્યા. આસ્તે રહીને ટીમેટસ દાદરપરથી ઉતર્યો અને તેની પાછલ મેલવીલ પણ ઉતર્યો. તે વખતે એકાએક વીજળીનો મોટો ચમકારો થોડી

સેકન્ડ સુધી ચાલુ રહ્યો અને એક અજાએબ જેવો દેખાવ દેખાઈને નાબુદ થઈ ગયો, જેથી પેલા સાહુકારો ઓરડામાં ચોરી કરવાની કોશેશ કરતા હતા તેઓ ગભરાઈ ગયા. પોતાના ફાનસની રોશની વડે એક માણસને ત્યાં ચત્તો પડેલો જોયો જેનાં ગલાં આગલ એક છુપો ઘા લાગેલો હતો ને તેની આગ-લ લોહીનો ખબોચીઓ થયેલો હતો, તે ઉપરથી તે લોકોએ જાણ્યું જે હ્યાંતો કાંઈ માઠું કામ થયેલું લાગે છે.

તે વખતે એક માણસ અંધારામાં દાદરપર ચડીને ઉપર આવ્યો અને હાય મારવા લાગ્યો. સેલવીલે ટીબેટસના કાનમાં કહ્યું આ તો રોબસ આવ્યો છે. સેલવીલને પોતાની સલામતી વીશે ધાસતી લાગી અને તે પોતે પોતાના બચાવ ખાતર નીચે ઉતરી પડયો ને મહોલામાં નાશી ગયો; તે ચાલતો ચાલતો એલ્ડરગેટ સ્ટ્રીટમાં આવ્યો અને મધ્ય-રાતની વખતે ઘરબાર વગર વરસાદને વીજળીના તોફાનની અંદર મહોલાઓમાં રખડવા લાગ્યો. થોડો વાર તો તેને કંઈ સુઝ પણ પડ્યું નહિ. તેના ઘેરવાલાનાં ઘરમાં એક ભયંકાર ખુન થયું હતું. તેણે ઘેર જવાની પાછી હીમત કીધી નહિં અને વીચારમાંને વાચારમાં તે છેક ગોસવેલના મહોલા સુધી ચાલી ગયો. પોતાની માઠી ટેવને લીધે પોતે આવી હાલતમાં આવી પડયો હતો એ વાત તેના મનમાં યાદ આવી અને તેના ગુનેહગાર દોસતદારે જે દારૂ પીવાની બહેંશ કીધી, તેના કહેવા પ્રમાણે ચાલ્યો નહિ હતે તો તેના આવા હાલ થતે નહિ. તે પોતાનાં મનમાં તરેહવાર ખ્યાલો કરવા લાગ્યો. રસ્તામાં તે લોકોના ઓટલાપર બેસવા જતો એટલે ચોકીદાર તેન ઉઠાડી મુકતા હતા. પછી તે પોકેપોક રોવા લાગ્યો અને એવી રીતે તેણે મહોલામાં રખડીને રાત ગુજારી. છેવટે સવાર થઈ તોબી શું કરવું તેનો વીચાર કર્યા વગર સેલવીલે લટકયા કીધું. છેલ્લે તેના મનમાં એક વીચાર

આવ્યો કે જે બાઇઓ સાથે તેણે પેરીશથી મુસાફરી કરી હતી તે બાઇએ તેને પોતાને ઘેર બોલાવ્યો હતો. તેનું ઘર પ્રેમ સ્ટ્રીટમાં હતું ત્યાં જવા નીકળ્યો અને આઠ વાગે તે બાઇને ઘેર આવી પહોંચ્યો.

તેણે બારણું ઠોક્યું ત્યારે બીજે માળથી કોઇએ બારી ઉઘાડી નીચે જોયું ને વીકટરને જોઇને પાછું ચાલી ગયું. ત્યાર પછી ચોથે માલની બારી ઉઘાડવામા આવી. અને ત્યાંથી પણ કોઇ નીચું જોઇને પાછું ભરાઇ ગયું. ત્યાર પછી આગલો દરવાજો ઉઘડ્યો અને એક સાકરડી જેવી છોકરી આવીને હાજર થઇ તેને મેલવીલે પુછ્યું "મીસ ટેરીનીસનુ ઘર આજ કે?"

પણ તેણીએ કહ્યું કે હાલ તેઓ ઉપર નથી.

મેલવીલે કહ્યું "તેઓ આવે ત્યાં વેર હું બેસીસ."

તે છોકરી એટલું સાંભળી બારણા આગળથી અંદર ગઇ અને એક બુઢી ૬૦) વરસની બાઇ બહાર આવી. તેની આગળ વીકટરે મીસ ટેરીનીસ વીશે વાત કરી અને પોતે આટલો વેહલો આવ્યો તેથી માફ માગી. તે બાઇએ તેને અંદર આવવા કહ્યું. પા કલાકમાં એક ઠીંગણો, જાડો અને બુઢો માણસ મેલવીલની આગલ આવ્યો. તેણે મેલવીલને સલામ કરીને કહ્યું કે "મુસાફરીને વખતે મારી બીની તમે સારી રીતે બરદાસ્ત કીધી હતી એવું તેણીએ મને જણાવ્યું છે અને તે માટે હું તમારો ઉપકાર માનું છું.

મેલવીલે કહ્યું, "એમાં તે શું મોટું ઉપકાર જેવું મેં કર્યું છે, જે આપ મને સરમાવોછો."

તે બુઢાએ કહ્યું "હું આશા રાખું છું કે તમે આવ્યાછો તો અમારી સાથે નાસ્તો કરી અમને માન આપશો."

મેલવીલ મોટી ખુશી સાથે કબુલ થઇ તેઓ સાથે ટેબલપર ગયો.

પ્રકરણ ૧૩ મું.

એટલામાં એક નાના ટટ્ટુની ગાડી આવી, તેમાં કોઈ મી. બૅલ નામનો ગ્રહસ્થ હતો તે પણ સાથે નાસ્તો કરવા આવ્યો. તે માત્ર ૩૦) વરસનો હતો ને વ્યાજ ખાતાનો ધંધો કરતો હતો અને ટેવીસની દીકરી સાથે પરણેલો હતો તેની સાથે વીકટરે થોડોવાર વાત કીધી. મી. બૅલ બોલ્યો "મારા સાંભળવામાં આવ્યુંછ જે ગઈ રાતે એક ઘણું ભયંકાર ખુન થયું છે. એક કોઈ જુવાન માણસને કોઈએ મારી નાંખ્યો છે."

મીસીસ ટેવીસ, જે ત્યાં નાસ્તાની ટેબલપર બેઠી હતી તેણે કહ્યું, "ત્યારે તેના બદલામાં ગુનેહગારને ફાંસીની સજા થશે"

આ શબ્દ સાંભળતાંજ મેલવીલના હાથમાંથી છરીકાંટા તુટી પડયા.

બૅલ બોલ્યો, "એક રૅાબસ નામનો હોટલવાળો છે જે રાતના મોડો ઘેર આવ્યો અને છેક ઉપલા મજલાપર પોતાના ઓરડામાં સુવા માટે જતો હતો તેટલાં તેને ત્યાં ભાડે રહેલા એક ફ્રેંચ મેનનું ખુન થયેલું જોયું, જે બાપડો તેજ દીને ત્યાં રહેવા આવ્યો હતો. પોલીસ કોનસટેબલો આગળ એમ કહેવામાં આવ્યું કે એક જુવાન માણસ કે જે તેજ ઘરમાં રહેતો હતો તે જે ઓરડામાં ખુન થયુ હતુ તે ઓરડામાંથી ઝડપથી બહાર નીકળી જતો જણાયો."

મેસીસ ટેવીસે કહ્યું, "ત્યારે તો તે જુવાન માણસજ ખુની હોવો જોઈએ."

બૅલ બોલ્યો, "ખચીતજ, અને તે માણસની પછવાડે પોલીસના અમલદારો લાગેલાજ છે."

આ વાતોથી મેલવીલ તો જરા ઘભરાયલો દેખાયો તે ઉપરથી તેઓએ તેને પુછ્યું "ભાઈ, તમારી તબીઅત કંઈ બગડી છે."

"ના, પણ જરાક માથું દુઃખે છે."

પેલા બુઢા ટેરીટીશે કહ્યું, "જરાક તમે હવાં આરામ લેશો?"

તેની બાયડીએ કહ્યું, "તમને ગમે તો એક ગલાશ બ્રાંડી લેશો."

એટલામાં બારણું ઠોકવામાં આવ્યું અને પડદામાંથી મેલવીલે નજર કરી તો પોલીસના માણસો હતા, તેઓને જોઇને ઘરનાં બધાં માણસો ગભરાઇ ગયાં અને મેલવીલના ચાળાપર તેઓ વીચાર કરવા લાગ્યાં.

પહેલાં મી. ટેરીટીશ બહાર ગયા ને પુછ્યું "તમારે શું કામ છે?"

અમલદારે કહ્યું, "એક ફ્રેંચ ગોરનું ખુન કરનારનો પત્તો મેલવ્યો છે અને તે તમારા ઘરમાં છે એવું અમને જાણાવવામાં આવ્યુ છે. અમે આશા રાખીએ છીએ કે તમે અમને અમારા કામમાં હરકત કરશો નહિ."

પછી તે અમલદારો ઘરમાં ધસી આવ્યા ને નાસ્તાના ઓરડામાં દાખલ થયા. મેલવીલ બુમ પાડી ઉઠ્યો, "દયા કરો! દયા કરો! હું તો નીરદોશ છું!

એક અમલદારે તેને આંચકો મારીને કહ્યું કે "ચાલો."

મી. ટેરીટીશ બોલ્યો, "શું મેલવીલ ખુની છે? એમ કદી બને નહિ." મેલવીલને પુછ્યું "ભાઇ, આ શું છે?"

મેલવીલે કહ્યું, "જે ખુન વિશે તમે હમણાં સાંભળ્યું છે, તેનો આરોપ મારાપર મુકવામાં આવ્યો છે, પણ હું તદન નીરદોશ છું. ઇશ્વર મારો સાક્ષી છે. એક લુચ્ચાની સોહબતમાં રહેલો તેને લીધે મારા પર આ શક લાવવામાં આવ્યો છે."

તે પોલીસના માણસોએ તેના હાથમાં બેડી નાંખી ને તેને ઘરમાંથી બહાર ઘસડી કાઢ્યો. તેને ન્યુગેટખાતાનાં

બંદીખાનામાં લઈ જવામાં આવ્યો. તેનો દેખાવ ઘણોજ દયામણો અને દીલગીરી બતાવનાર હતો. તેન્યુગેટના બંદીખાનામાં જયાં સુધી ન્યાયાધીશે તેની તપાસ કીધી નહિં ત્યાં સુધી પડી રહયો. તે બીચારો નીરાશ ને નાઉમેદ થઈ ગયો હતો, અને ટીમેટસ કે જે તેનો મીત્ર હતો તેજ તેની સામે સાક્ષી તરીકે ઉભો રહયો, અને એવી તો ખુલા બોલોમાં જુબાની આપી કે મેલવીલ ગુનેહગાર હતો એવું સૌ કોઈ માનવા લાગ્યું, અને ન્યાયાધીશે તેને તપાસને માટે સેસનમાં નાંખ્યો.

મેલવીલે પોતાનો કંઈપી બચાવ કર્યો નહિં, કારણ કે તે તદન ગભરાઈ ગયેલો હતો અને નામોશી પામવા કરતાં મરવું બેહેતર છે એમ વીચારવા લાગ્યો. હવે મેલવીલ બંદીખાનામાં એખલો પડયો અને પોતે જે રીતની જીંદગી ગુજારતો હતો તે વીશે તેનાં મનમાં ખ્યાલ આવ્યો. તેણે વીચાર્યું કે હવે તો ફકત બેજ વાર બહારજઈશ; એકતો તપાસની વખતે કોરટમાં, ને બીજું ફાંસીનાં માચડાપર ચડતી વખતે જયારે દુનીઆમાં બીજા લોકો મજાહ મારતા હશે અને પોતાનો ધંધો કરતા હશે તેજ વખતે મને ફાંસીનો હોકમ થશે. એવા વીચાર તેનાં મનમાં આવ્યા કીધા.

પ્રકરણ ૧૪મું.

હવે તેને લુઈના વીચારો આવવાથી પણ આનંદ થયો નહિં, કારણ કે તેણે ધાર્યું કે તે એવી ભલી બાઈસાથે પરણવાને તદન ના લાયેક હતો. પોતાની આ હાલત લુઈને જણાવવાને તેણે હીમત કીધી નહીં. એમ કરતાં એક અઠવાડીઉં વીતી ગયું ને પોતાનું ખાનું ખાતો ને બંદીખાનાના ચોકમાં ફરતો અને ફેરવેલે વખતે સુતો. તેને સુવાને માટે એક

લાકડાનાં ચોકઠાંપર ગોદડી પાથરેલી હતી અને તેને ઓઢવા-ને માટે એક ગરમ ધાબળી હતી અને તેનો ખોરાક પણ એટલો થોડો હતો કે જેથી એક બાળકનું પણ પેટ ભરાય નહિ. છેલ્લે સરવાળે તે પોતાની જીંદગીથી કંટાળી ગયો અને આપઘાત કરવાનો વીચાર કરવા લાગ્યો. તેના હાથમાં દીવા-લમાં મારેલો ખીલો આવ્યો અને તે ખીલાને ઘસી તેની અણી કાઢી પછી પોતાના કોટડીનું બારણું બંધ કરીને રગલો કાઢી નાંખ્યો ને તે ખીલાને પોતાની એક નસમાં ભોકવાની તજ-વીજ કરતો હતો તેવામાં કોઈના પગલાં સંભળાયાં તેથી તે બીધો અને એક બાયડી ધસીને તેની કોટડીમાં આવી. તે એકાએક બોલી ઉઠ્યો "લુઈ, અહીં તુ કયાથી આવી?"

તે બોલી "તમારો બચાવ કરવા સારૂં હું આવી છું" ને તેણીએ પોતાનાં ગજવામાંથી એક કાગળ કહાડી મેલ-વીલના હાથમાં આપ્યું જે વાંચીને ખુશ થયો ને ઇશ્વરનો ઉપકાર માની લુઈને આશીરવાદ દેવા લાગ્યો. પછી તે આવી ભલી ઓરતને પોતાનો હાથ આપવાને શરમાયો અને તે લુ-ઈને પુછવા લાગ્યો, "તું મને હજી પણ ચાહે છે કે નહિ."

લુઈએ કહ્યું "હું તમને ચાહું છું. મે જયારે ફ્રેંચ પત્રની અંદર તમારે વીશે વાંચ્યુ ત્યારે હું કેટલી દુઃખી થઈ તેનું તમને ભાન પણ નથી, અને હું એ ફ્રેંચ પત્રવાળાને ત્યાં પોતે ગઈ ને પુછ્યું કે લંડનના પત્રમાંથી તરજુમો કરતાં આ કાંઈ ભુલતો નહિ થઈ હોય. પણ પાછળથી મારી ખાતરી થઈ કે ખુન કરવાનો શક તમારી ઉપર લાવવામાં આવ્યો હતો ને તમને કેદ કર્યા હતા, તેથી હું તમારી મદદે આવી છું.

પછી મેલવીલે પોતાના વકીલને બોલાવી મંગાવ્યો જે પત્ર લુઈ લાવી હતી તે જોન મેજરે કે જેનું ખુન થયેલું સૌ કોઈ માનતા હતા, તેના તરફનો હતો. જેપરથી ખરી વાત તો એ હતી કે જુગારમાં તે ઘણું હારી જવાથી

આપઘાત કરીને મરણ પામ્યો હતો, અને તે વીશે એક આગમજની કાગલ લખી લુઈપર મોકલી તે પોતાની સઘળી પુંજી લુઈના નામપર કરી ગયો હતો.

આ મતલબનો કાગલ વાંચીને વકીલ ખુશ થયો. કારણકે એ ઉપરથી મેલવીલનું નીરદોશપણું શાબેત થઈ શકતું હતું. હવે કેસ મેલવીલનો ઈનસાફ ચાલે તેટલો વાર તેને બંદીખાનામાં રહેવું પડે, અને લુઈએ મીસીસ ટેરીવીસને ત્યાં રહેવું.

લુઈ પાસે દશ લાખ કરતાં પણ વધારે ફ્રેંકની પુંજી હતી અને તે પોતાની એક બેંકમાં મુકેલા હતા.

હવે કેપીટનની તપાસ શરૂ થઈ ને તે નીરદોશ ઠરીને છુટી ગયો. જેવો તે કારટમાંથી છુટો થયો તેવોજ તેને ટીએટ મલ્યો. ટીકુએ તેને બારણેથી કોહ્ડું આપ્યું નહિ, તેથી તે દાંત કચકચાવીને ચાલી ગયો અને ટીકા'ર, લુઈ અને પોતાના બીજા દોસ્તદારો સાથે ગાડીમાં બેસી ગયો.

હવે મેલવીલ બોલ્યું ધારતા લાગો જે મારી દારૂની ટેવ જતી રહી છે અને હવે મારૂં આગલું દુઃખ જતું રહેશે ને હું સુખમાં દહાડા કાઢીશ. લુઈ ટેરીવીસના ઘરમાં રહી હતી તેટલાં તેણે પોતાના બાપનો વરસ દહાડા સુધી શોક પાલ્યો. એ અરસામાં તેણીને એક વકીલ એક દીવસ કાગલ લઈને આવ્યો કે ફ્રેન્ચની બેંકમાં ચોકસ રકમ મુકેલી છે. અને તેની ઉપર નેપોલીઅન બોનાપાર્ટની સહી હતી અને તેની સાથે તેનું સીલ મારેલું હતું. મેલવીલ બોલ્યો, "અરે, તારો બાપતો નેપોલીઅન બોનાપાર્ટ હતો ને તેવા મહાન પુરૂષની કન્યા સાથે હું પરણીશ એ કેવી ખુશાલીની વાત છે?"

લુઈનું હૃદય પાછું ભરાઈ આવ્યું. તેણી પોતાના બાપને માટે નહિ પણ પોતાની નહિ જડેલી માને માટે રડવા લાગી. [illegible]

દારૂ પીવાની ટેવ મુકી દીધી હોય એવું દેખાયું. હવે લુઇના વાલીને વરસ વીતી ગયું ને તેમના લગન થયાં અને તેઓ મોજ શોખમાં દીવસ ગુજારવા લાગ્યાં. જે અરસામાં વીકટરને ત્યાં એક છોકરાનો જનમ થયો. વીકટરનો પુસ્તક લખવાનો ધંધો પણ સારો ચાલ્યો. અને તે મેજબાની અને પારટીઓ આપવા લાગ્યો અને પોતાની બાઇડીનાં ના કહેવા છતાં પણ નાણું છુટથી ખરચવા લાગ્યો, અને પછી મોડી રાત સુધી બહાર રખડવાની પણ ટેવ માંડી. તેણે લગનપછી થોડી મુદત તો તદન દારૂ ચાખ્યો નહિં અને પોતે કેવો ફાંસીના ભયમાં આવી પડ્યો હતો તે વાત યાદ કરીને તે દારૂના નામથી ધ્રુજતો હતો. તે મનમા કહેવા લાગ્યો જે હવે હું કદી દારૂ પીવાનો નહિ, પણ પરણ્યા પછી થોડી મુદત વીત્યા બાદ આસ્તે આસ્તે તેને પાછી પીવાની ટેવ વધવા લાગી. ચાર વરશ વીતા પછી તેણે પોતાના ઘર ખટલાનો હિસાબ કીધો તો તેમાં દારૂનો ખરચ ઘણોજ માલમ પડ્યો.

પ્રકરણ ૧૫મું.

એકાએક દરવાજો ઉઘડ્યો અને એક ચાકરે આવીને મી. ટેરીવીશને ખબર કરી કે મેલવીલ આવ્યો છે. મેલ-વીલ દારૂ પી લાલ થયેલો હતો તેથી ટેરીવીશે ચાકરને હોકમ કીધો કે એક બાટલી લાવીને ટેબલપર મુકો.

ટેરીવીશે તેને પુછ્યું "તમે કેમ આવ્યા?"

તેણે કહ્યું કે "સાહેબ હું તમારી મહેરબાની માંગવા આવ્યો છું."

એટલે ટેરીવીસ બોલ્યો કે "કાલે મારી છોકરીનાં લગન છે માટે તમે પધારજો."

બીજી ત્રીજી વાત કરી તે રાતના નવ વાગતાને સુમારે ટેરીવીસમે ત્યાંથી નીકળેલો રસ્તામાં એકાદ પીઠાંની મુલાકાત લઈ દસ વાગે પોતાને મુકામે આવી લાગ્યો, તેટલાં તેના ચાકરે આવીને કહ્યું કે કોઈ તમને મલવા આવ્યું છે.

મેલવીલ તુરત બહાર આવ્યો તો તેને માલમ પડયું કે તેતો ટીબેટસજ હતો. તેને જોઇને તે પાછો ધીક્કારથી હટી ગયો. ટીબેટસ બોલ્યો કે હું તને મુબારકબાદી આપવા આવ્યોછુ.

મેલવીલ પીધેલો હોવાથી તે પોતાનો ગુસ્સો તદન ભુલી ગયો. ટીબેટસ બોલ્યો કે "આખી દુનીઆમાં તમારૂ નામ થઇ રહ્યું છે. તમારાં પુસ્તકો મને ઘણાં ગમ્યાં છે."

મેલવીલે કહ્યું કે "મારી સાંમે પોલીસ કોર્ટમાં સાક્ષી થઇને હાજર થયા હતા તે તમેજ કે?" તેણે કહ્યું હા, પણ મારી મતલબ જુદી હતી. અગરજો તને ફાંસી દીધો હતે તો તેટલા વાસ્તે વળી મને પણ ફાંસી દેવો એ કંઈ જરૂરનું નહિં હતું. મારો વીચાર એવો હતો કે હું જીવતો રહીને તારા ફાંસી ગયા પછી તારૂં નીરદોશપણું સાબીત કરૂં. ખરેખર મારા મનમાં એ વીચાર હતો.

આ વખતે મેલવીલ એટલો તો છાકટો થઈ ગતો હતો કે તે પોતાના જુના દોસ્તપર ખુશ ખુશ થઇ ગયો, અને બીજો દારૂ ચાકર પાસે મંગાવ્યો અને બંને પાછા પીને ચકચુર બની ગયા.

આગલ વાત કરતાં ટીબેટસ બોલ્યો, "મારે એક કાકી હતી તે માંદી પડી તેને દવા પાવાનું તથા સારવાર કરવાનું કામ મારા હાથમાં હતું તેથી દાકતરે ફરમાવેલુ હતું તેના કરતાં વધતા જથામાં મેં તાણીને દવા આપ્યા કીધા તેથી તે બચારી મરણ પામી અને તેની દોલત હું પામ્યોછું."

મેલવીલે તને કહ્યું તે સઘળું હા કહયા કીધુ ને કહ્યું

કે મારા વ્હાલા દોસ્ત તમે મારે ત્યાં હંમેશ આવતા રેહજો.

તેણે કહ્યું "હું તને કદી છોડનાર નથી. મારાથી બનતી તજવીજે હું તારી મુલાકાત લઈશ."

પછી મેલવીલે તેને ગલે વલગી કહ્યું "તમે મારા જાની ને ખરા મીત્ર છો તો વારૂ, તમે કયો વાઇન પીશો?"

ટીબેટસે કહ્યું "ચમપીન" તુરતજ બે બાટલી ચમપીનની મંગાવીને ટેબલપર મુકી, ને પાછું ઢીચવાનું ચાલુ રાખ્યું, અને તેની અસરથી મેલવીલે તેના મીત્રને પુછયુ "તમને શું જોઈએ છે? માંગ માંગ જે માંગે તે આપીશ" ત્યારે તેને કહ્યું કે "થોડાક સો મારી પાસે હતે તો——"

એટલું તે બોલતો હતો તેટલાં મેલવીલ વચ્ચે બોલી ઉઠયો, "કેટલા, કેટલા?"

તેને કહ્યું "૫૦૦) પાઉન્ડ જોઇએ છે."

એ સાંભળી મેલવીલ તુરત પોતાની ચેક બુક દીવાનખાના તરફ લેવા ગયો ત્યાં તેની બાયડી બેઠેલી હતી તેણે પુછયું, "મેલવીલ, તમોએ આજે દારૂ બહુ પીધેલો લાગેચ."

તેણીના સવાલનો જવાબ ન આપતાં તેણે ધરપચમાં પુછયું "મારી ચેક બુક કયાં છે?" તેની બાયડીયે કહ્યું "રાતની વખતે તેનું શું કામ છે?" મેલવીલે કહ્યું "મારો જુનો અને જાની મીત્ર ટીબેટસ આવ્યો છે—"

તેનું નામ સાંભળીને લુઇએ બુમ પાડી અને બોલી "તેને હાંકી કાઢ, મારા પ્યારા ખાવીંદ, હું તુને નમીને કહુંછું."

તે કહે "લુઇ, તું ચેડાં ના કાઢ. તેને મારે મદદ કરવીજ જોઇશે."

"અરે ખાવીંદ, તે આપણો બધાનો નાશ કરશે. એને એક પલ પણ અહીંઆ ઉભો ના રાખ."

પણ વીકટરે તેણીની દરકાર ન કરતાં ચેક બુક લીધી અને લુઇ પોકેપોક રડવા લાગી.

પછી વીકટર પાછો ટીબેટસ આગળ આવ્યો અને જેમ તેમ ૫૦૦) પાઉન્ડનો ચેક લખ્યો. કારણકે તે છાકટો હોવાથી બરાબર લખી શકતો હતો નહીં ને બહુજ ધ્રુજતો હતો. તે ચેક લઇને ટીબેટસ ત્યાંથી ગયો. સવારના વીકટરે લુઇને પુછયું કે તેં એટલી બધી ગડબડ શું કરવા રાત્રે કરી?

તેણી બોલી "તમારો કહો શત્રુ ઘરમાં આવ્યો તેથી હું ઘણીજ બીધી. ને વળી આપણા છોકરાં માટે બીધી, કેમકે તે ખરાબ માણસ તમને પૈસેથી ખુવાર કરશે, તો પછી આપણા નીરદોષ બાળકોનું શું થશે!"

મેલવીલ બોલ્યો, "મારી પ્યારી, એ તો રાતે મેં દારૂ પીધેલો હતો તેથી ૫૦૦) પાઉન્ડનો ચેક તેને આપ્યો, પણ હવે જો તે આવશે તો હું લાત મારી હાંકી કાઢીશ."

આ વચનથી લુઈ ખુશી થઈ, એટલામાં ટેરીવીસને ઘેર જવા સારૂં ગાડી મંગાવી હતી તે આવી તેમાં બેશીને મેલવીલ ને લુઇ ટેરીવીસને ઘેર ગયાં.

પ્રકરણ ૧૬મું.

ત્યાં ખાનું પીરસવામાં આવ્યું ને મેલવીલે થોડાંક ગ્લાસ ચેમપીન પીધા. પણ ત્યાં એક જુવાન ગ્રહસ્થ હતો જે દારૂને તદન અડકતો નહતો તેનું નામ મી. થોર્નટન કરીને હતું તેને મેલવીલે પુછ્યું "શું તમે દારૂ પીવા ના પાડો છો?"

તેણે કહ્યું, "હા."

મેલવીલે કહ્યું, "કદાચ તે તમને માફક નહિ આવતો હશે."

"ના, મારી તંદરોસ્તી ઘણીજ શારી છે."

મેલવીલે કહ્યું "વાઇન ને બીરથી તો ઉલટું શરીરમાં કૌવત વધે છે."

થોર્નટન કહે કે "એતો માત્ર ઢોંગ છે. એથી તંદરોસ્તીનો નાશ થાયછે. ફકત પુષ્ટીકારક ખોરાકથી તંદરોસ્તી સુધરેછે"

મેલવીલ કહે "હું તો જલદ દારૂ માફકસર પીવાની ભલામણ કરૂં છું."

"સાહેબ, માફકસર પીવા કરતાં તદન નહીંજ પીવો એ ઠીક; અને થોડો વખત મારા મત પ્રમાણે ચાલવાથી કેવો ફાયદો થાય છે તે આપોઆપ જણાશે."

મેલવીલે કહ્યું, "એ બાબદ વીશે તમે મારે ઘેર આવીને તકરાર ચલાવશો તો હું તમને બરાબર સમજાવીશ."

તેણે મોટી ખુશી સાથે હા પાડી તેથી લુઈ રાજી થઈ અને તેનો મોટો ઉપકાર માનવા લાગી.

ટેરીવીસને ઘેરથી પાછાં આવતાં મેલવીલ ઘણાંજ ઉંડા વીચારમાં મશ્ગુલ થયો. તે જોઇને લુઇએ પુછ્યું કે તમે શું વીચારમાં પડયા છો

તેને કહ્યુ. "પોર્નટને જે કહયું તે વીશે વીચાર કરૂંછુ"

પછી ઘેર આવ્યાં ત્યારે ચાકરે કાગળ આપ્યું જે એક કંપનીની જાહેર મીટીંગ વીશે હતુ. તે ઠેરવેલે વખતે મેલવીલ કંપનીની મીટીંગમાં ગયો, ત્યાં લોકો પુષ્કલ ભેગું થયું હતું. બુઢા ને જુવાન સર્વે હાજર થયેલા હતા. તેમની આગલ એક માણસ ભાષણ ચલાવતો હતો તેનો અવાજ બુલંદ હતો; તે બોલ્યો કે, 'સાહેબ, કંપનીના લખતની સાઠમી કલમ પ્રમાણે મેં આ મીટીંગ બોલાવેલી છે."

એક સખસે પુછ્યું કે "છ મહિના થયાં કંપની સ્થાપી પણ એકપણ વખત મીટીંગ બોલાવી નથી ને આજે બોલાવવાનું શું કારણ?"

તે ડીરેકટરે બોલ્યો "આપણે જે દીવાસળી બનાવવાની કંપની ઉભી કરી હતી તેની ફત્તેહ થયેલી છે." આ સાંભળી એક ભાગીદાર બોલ્યો કે "ત્યારે સું તમે વહેંચણી કરોછો કે?"

બીજાએ કહ્યુ કે "હા, ૧૫ ટકા"

ત્રીજો કહે "ત્યારે તમારા શેર દસ ટકાના ચડતા ભાવથી મને વેચાતા આપો."

એ પ્રમાણે ગડબડ ચાલી રહી હતી તેટલામાં તે ડીરેકટરે જાહેર કર્યું કે "જેટલી થાપણ ભરાયલી હતી તે બધી ઘસડાઇ ગઇ છે વાસ્તે બીજુ વધારે નાખવું જોઇએ છે. નહિ તો કંપની ચાલશે નહિં. હવે આટલું જાહેર કરીને હું મીટીંગ બરખાસ્ત કરી નાખુંછુ."

આ ખબર હાજર થયલા ભાગીદારોને એક તરવારના ઝટકા જેવી લાગી.

આ મીટીંગની અંદર મેલવીલ હાજર હતો તેને તો પોતાના થોડાક પાઉન્ડ ખોવાને વાસ્તે કંઇ લાગ્યું નહિ ને સવારની બધી પોર્નટનની શીખામણોને કોરે મુકી તે તો દારૂ પી છાકટો થઇને ઘેર ગયો. પણ ત્યાં તો ટીબેટસ આવીને બેઠેલો હતો ટીબેટસ બોલ્યો કે તમારી ગેરહાજરીમાં મેં આ દારૂની બાટલી ને ગલાસ મંગાવવાની છુટ લીધી છે.

વીકટર કહે "વલી તમે શું માગવા આવ્યા છો?"

તેનો જવાબ નહીં દેતાં તેણે બે ગલાસ ભર્યાં ને એક મેલવીલને આપ્યું કે જે તે પી ગયો ને બીજું પોતે પી ગયો. પછી તેણે એક હુંડી કાઢીને મેલવીલના હાથમાં આપી કાલાવાલા કરતો બોલ્યો, "માત્ર દોડસો પાઉન્ડની છે. મારે માટે મેહેરબાની કરીને તમે એટલી સ્વીકારો."

થોડોવાર મેલવીલે આનાકાની કીધી. પછી કલમ લઇને લખવા જતો હતો તેટલા એકાએક બારણું ઉઘડયું અને લુઇ અંદર આવી. તે તદન ગભરાઇ ગયલી ને ફીકી પડેલી હતી. તેણીએ તેનો હાથ પકડયો ત્યારે તેણે કહ્યું, "પ્યારી લુઇ, હું ત્યાં દીવાનખાનામાં આવું છું. હમણા તો આ ગ્રહસ્થ સાથે મને કામ છે માટે તું હયાંથી જા.

ટીબેટસ આ જોઇ ઘણોજ બેચેન થઇ નીચી નજરે બેઠો, તેટલાં લુઇની નજર પેલી હુંડી તરફ પડી તે જોઇને તેણી ઘણીજ ગભરાઇ ગઇ ને પોતાના ધણીના પગ આગળ ફસડાઇ બેસી બોલી, "અરે મેલવીલ, તું આપણાં બચ્ચાં નો નાશ ના કર, ને જરા વીચાર કર."

આથી મેલવીલ ચીડાઇ ગયો અને તેણીને ઠપકો આપ્યો. પણ વીકટરનો પ્યાર પોતાની બાયડીપરથી ગાઉને સીધે ઊતરીજ ગયેલો હતો અને તેની બાયડીની બધી કોશેશો ફોકટ ગઇ અને જયારે તેણી બેભાન થઇને પડેલી હતી ત્યારે તેણે તેને પોતાના પગ આગળથી ખસેડી નાંખી.

પ્રકરણ ૧૭મું.

જે બન્યું તેથી મેલવીલ બહુજ કંટાળી ગયો અને પોતે પોતાની બાયડીના હુકમમાં છે એમ ટીબેટસ જાણે તેથી શરમાઇને તે વખતે હુંડીપર સહી કીધી એટલે તુરત ટીબેટસ તે લઇને હસતો ને ખુસ થતો ઉઠીને પોતાને ઘેર ચાલતો થયો.

થોડોવાર થયો નહીં એટલામાં તેને પાછલા ઓરડા તરફથી રડવા જેવો અવાજ આવ્યો, અને તે બેઠો તો ને ઓરડામાં આગ લાગેલી હોય એમ જણાયું. તે પાસેના ઓરડામાં ગયો જયાં તેની બાયડી રડતી બેઠેલી હતી ત્યાં

જઇ બુમ પાડી કે "લુઇ, આગ લાગી છે, આગ લાગી છે, ઇશ્વરને માટે બચ્ચાંઓને બોલાવ."

પછી તેણે ચાકરોને બોલાવ્યા. આખા ઘરમાં આગ પથરાઈ ગઈ. મેલવીલ આથી ઘણોજ ગભરાઇ ગયો. આગ બુજાવવાની કંઇપણ આશા રહી નહિં. તેની બાયડીને ઉઠાડવા ઘણી કોશીષ કરી પણ તેણી તો તદ્દન અશક્ત થઇને પડેલી જેથી મેલવીલ એક હાથમાં પોતાની બાયડીને બીજા હાથમાં ક્યાં છોકરાંને લેવું તેના વીચારમાં પડ્યો. પછી તે દરવાજા તરફ દોડ્યો જ્યાં બન્ને છોકરાં જાગી ઉઠેલાં તેથી એક પછી એક તે પોતાની બાયડી અને છોકરાંને મોહલાની અંદર લઈ આવ્યો ને પાછો પોતાની નાની છોકરીને લેવા અંદર ગયો. તે છોકરી માંહેથી બાપા, બાપા, કરીને બુમ પાડતી હતી. પણ અફસોસ! દાદર પડી ગયો અને મેલવીલ દીવાનો બની ગયો અને ચકરી આવીને ગુંગળાઈ જવા લાગ્યો. આ જોઇ લુઇ ઘણીજ ગભરાઈ ગઈ.

એવી હાલતમાં મેલવીલ હતો તોપણ તેણે બ્રાંડી માંગ્યો અને તે ભેગાં થયેલાં લોકોમાંથી કોઇએ તેને લાવી આપ્યો તે તેણે ખુબ ચડાવ્યો એટલે તેને પાછી હીમત આવી, પણ તે છોકરીને બહાર કહાડી શક્યો નહિં.

પછી તે પોતાના કુટુંબને લઇને પાસેના હોટેલમાં રહયો. સવારના તેને વીચાર્યું કે હવે જો કરકસર નહિં કરીશ તો તદ્દન નાશ પામીશ. લુઈએ કહ્યું કે આપણે ફ્રાંસમાં જઈ રહીએ, ત્યારે મેલવીલે જવાબ દીધો કે મારા ધંધાને વાસતે અહીંજ રહેવું જોઇએ. પછી લુઇએ વચન લીધું કે હવેથી મેલવીલે ટીએટરની કદી પણ મુલાકાત લેવી નહિ. આખરે એક ઝુંપડું ભાડે લઇને રહયાં. તેની છોકરીના મરણની તેને યાદ આવતી તેથી તે બહુજ બલાપો કરતો હતો. પણ આસ્તે આસ્તે પાછો મેલવીલ પાસેનાં પીઠાંમાં જવા લાગ્યો. અને પીઠામાં ભાશણ કરવા લાગ્યો અને છાકટા લોકોએ તેનાં વખાણ કર્યાં.

એવામાં એક માણસ ત્યાં આવ્યો ને પુછયું, "અહીં આં મેલવીલ છેકે? તેને માટે મારી પાસે એક વારંટ છે"

મેલવીલ જે ત્યાં હાજર હતો તે બોલ્યો, "અરે ટી-

એટલા ! તું મારૂં નખોદ વાલવા માંગેચ શું! શું મારાપર વારંટ કાઢયું ચ!"

તે બોલ્યો, "હા, તમારે અમારી સાથે આવવુંજ પડશે."

એક બીજો જે તેની આગલ હાજર હતો તેને મેલવીલ તરફથી કહ્યું, "આ દેશ છુટાપણું ભોગવનાર છે પણ તમને તો કંઈ ઇનસાફ કર્યા વગર પકડયા છે."

મેલવીલે તે લોકોને કાલાવાલા કીધા કે મને મારી બેરીને મલવા દો. એમ કહીને તેણે તેઓને થોડા સીલીંગ આપી, ત્યારે તેઓએ તેને ઘેર જવા દીધો.

લુઈએ તેની આવી અવસ્થા જોઈ ઘણીજ દલગીરી બતાવી અને તેની સાથે તુરંગમાં આવવા માંગ્યુ. તેણીએ પુછ્યું કે કેટલું કરજ છે?

"અરે, એતો ટીમેટસની હુંડીના ફકત ૧૫૦) પાઉન્ડછે."

ત્યારે તેણી બોલી, "મારી માયના ડાગીના વેચીને હું તે આપુ."

તેપરથી મેલવીલે પેલા શેરીફના માણસોને કહ્યું કે જરા થોભો તો ૧૫૦) પાઉન્ડ હું હમણા આણી આપું."

તેણે કહ્યું કે "એતો પંદરસો પાઉન્ડછે, તમે ભુલોચ કેમ"

આ સાંભળીને લુઈ તો બેભાન થઈ ગઈ. પંદરસો પાઉન્ડ તેણી પાસે હોયજ કયાંથી? હવે મેલવીલને માલમ પડયુ કે ટીમેટસે તેની સાંમે લુચ્ચાઈ રમી હતી કારણ છેલ્લો તે ૧૫૦ પાઉન્ડની છે એમ કહીને તેપર સહી કરાવી લઈ ગયો હતો, પણ તેતો પંદરસોની હતી, અને તે પોતાની છાકટપણાની ટેવને લીધે આવી રીતે ફસી પડયો હતો. છેવટે ગાડી તુરંગના બારણા આગલ આવી ઉભી રહી. રાતના બારનો અમલ થયલો હતો ને તે તેની સીડીપર ચડયો. મેલવીલને બીજે માલે સુવાના ઓરડામાં લઇ જવામાં આવ્યો અને તેનાં કુટુંબનેબી તેની સાથે રેહેવા દીધું જેમ કરવાને બે પાઉન્ડ તેની પાસે લઈને રજા આપવામા આવી હતી. તે ઓરડો ઘણો ગંદો ને મેલો હતો. બીછાનું ઘણું ખરાબ હતું એવી રીતે તેઓએ રાત ગુજારી. આઠ વાગતે એક ચાકરડી નાસ્તો

લઈને આવી. તે પેલા નાના છોકરાએ ખાધું પણ મેલવીલે ને તેની બાયડીએ તો કંઈ હાથ અડાડયો નહિ.

પછી ટીબેટસ આવ્યો ને બોલ્યો "આખરે તુરંગમા પડયા ખરા."

મેલવીલે કહ્યું, "ચંડાલ, તારે લીધે. તને કાંઈજ દયા નથી."

તે બોલ્યો "હુંડી શું કામ સ્વીકારી. ચંડાલ, તેં મને ઉલટો ઠગ્યો. મને પૈસા તો મળ્યા નથી"

મેલવીલેકહ્યું, "હવેતું કરવા શું માંગે છે તે કાંઈ કેહશે"

"જો તમે કઇબી કરશો નહિ તો તમારીપર ફેરીઆદી મંડાશે, માટે એક ઉપાય કહું?"

લુઈ અધીરી પડી વચ્ચે બોલી "શું, તમે મારા ધણીને છોડવવા માંગોછો?"

મેલવીલે તેને કહ્યું "ચુપ રહે, ચુપ રહે. એ બદજાતસે વાત કરવામાં કોઈબી રીતનો ફાયદો પામનાર નથી."

પ્રકરણ ૧૮મું.

ટીબેટસ કહે "જો મને એક હજાર પાઉન્ડ આપે તો હમણા છોડાવું." કોઇ કાંઇ બોલ્યું નહિં ત્યારે તેણે કહ્યું, "વારૂ, સાડી સાતસો આપો." પછી તે પાંચસોપર આવ્યો.

મેલવીલ કહે, "એક શીલીંગબી નહિં આપું. એ હરામખોર! તેં તેમજ મારી ખરાબ ટેવે મારો નાશ કીધો છે. હું તુરંગમાંજ રહીશ પાણ તને એક પાઈ પણ આપીશ નહિં. અત્તર ઘડી તું અહીંથી નીકળ, જે કરવાનો હોય તે કરી લેજે."

"વારૂં હાલમાં નહિં તો તારી ખુશી પડે ત્યારે મારી પર કાગળ લખજે હું તારો છુટકો કરીશ."

લુઈ તેની પછવાડે જવા માંગતી હતી પણ મેલવીલે તેને અટકાવી. સાંજના પાંચ વાગે મેલવીલને બંદીખાને લઇ જવામાં આવ્યો અને લુઈ પોતાની ઝુંપડીમાં ગઈ. મેલવીલના

દરવાજા આગળ બે પહેરેગીર રાખવામાં આવ્યા અને રાતના આઠ વાગે મેલવીલ પોતાને ઠેકાણે પડચો. તેને તેઓને પુછયું, મારૂં ખાનું કયાંથી મલશે. તેપરથી પહેરેગીરે કહયું કે હું તમને કાફી હાઉસમાં ઓલખાણ કરાવી આપીશ. વળી મેલવીલે ત્યાં દારૂ મંગાવ્યો ને તે પીધો. તે શેરી વાઇન હતો પછી મેલવીલને વાસ્તે બપોરનું ખાનું આવ્યું અને મેલવીલ ને દારૂની પાછી અસર થઇ એટલે તેઓએ પાના રમવા બેસવાની વેતરણ કરી. તેમાના એકે કહયું કે આપણે અરધા ક્રાઊનની શરત બકીએ. મેલવીલે વળી દારૂનું ગલાસ ચડાવ્યું અને હારતો ગયો અને તે બધા માણસોને કહેવા લાગો જે તમને મારી બૈરી સાથે ઓલખાણ કરાવી આપીશ. આ પ્રમાણે જે માણસ કેળવણીમાં પ્રવીણ હતો તે બંદીખાનાની અંદર લફંગાની ટોળીમાં આવી પડચો કે જે બધી શરની એ હુકાણ. હતી.

હવે લુઇએ ઘેર આવીને જે પોતાની થોડી મીલકત હતી તે વેચવાની તૈયારી કીધી. જોકે તેણીની દોલતને આબાદાની જતી રહી હતી તોપણ તેણીનો પ્યાર મેલવીલપરથી કમી થયો હતો નહિં. તેણીએ સવારના વેહેલાં ઉઠી ગાંસડા પોટલાં બાંધીને જે પોતાની માનું ઝવેરાત હતુ તે રાખી મુક્યું, ને પોતાનો સઘલો સામાન એક દલાલને વેચવાનું સાટ્ટુ કીધુ. જેવી તેણી માલ લઇને બહાર જતી હતી તેવામાં બારણામાં ટીબેટસ આવી પહોંચ્યો ને તેને જોઇને લુઇ ખુશી થઈ.

તે બોલ્યો "બાઈ સાહેબ, તમારો વર આખરે તુરંગમાં પડચો છે."

લુઈ કહે, "શું કરીએ? બીજો ઉપાય નથી. મહેરબાની કરીને જો મારા વરને છોડવો."

ટીબેટસે કહ્યુ હું પણ એમજ ધારૂંછુ. મેં તો એ હુંડી એક ત્રીજા ધણીને આપી હતી, તે તમારા વરનો માંગનારછે.",

લુઇએ કહ્યુ "શું તે ઘણો દુર રહે છે?"

તેણે કહ્યુ "થોડે છેટે રહે છે, પણ તે મારા વગર હીસાબ માંડી વાળવાનો નથી માટે તમારી સાથે આવુ?" પછી તેણી પોતાના નાના છોકરાને સાથે લઇને ટીબેટસ સાથે પેલા ત્રીજા માણસને ઘેર જવાને ગાડીમાં બેઠાં.

થોડોવાર સુધી ગાડી ચાલવા પછી લુઇએ પુછ્યું હજુ તે જગા નથી આવી જેપરથી તેણે કહ્યુ હજુ થોડે દુર છે. પછી તેઓની ગાડી એક એકાંત જગ્યાપર આવી કે જયાંનો દેખાવ તદનજ ભયંકાર હતો. જયાં તેઓ ઉતરયાં ત્યાં એક ઘર હતું તે ઘરના બારણાં આગળ એક બુઢી બાઇ આવી, જે લુઇને એક ઘણાંજ ભયંકાર ઓરડામાં લઇ ગઇ. ત્યાંથી થોડીવારમાં પેલી બુઢયા તો જતી રહી, જેથી લુઇનો નાનો છોકરો બહુજ ધાસ્તીથી રડવા લાગ્યો ને લુઇને પણ ધાસ્તી લાગવા માંડી.

તેણીએ ટીબેટસને પુછ્યું કે આપણે કઇ જગાએ છીએ ત્યારે તેણે જવાબ દીધો, કે આપણે શેહેરથી આઠ માઇલ દુર છઇએ.

"ત્યારે પેલા શાહુકારનું ઘર!"

ત્યારે પેલાએ હસીને જવાબ દીધો, "લુઇ, મેં તારા વરને તારે માટેજ કેદ કરાવ્યો છે; કારણ કે તારો વર તારા લાયકનો નથી. તે એક છાકટો, ખરચાલુ અને કંઇ રીતભાત વગરનો છે"

લુઇએ કહ્યું "ચુપ રેહ ઓ પાપી ચંડાલ, એવા શબ્દો અહીં મારી આગલ બોલતો ના"

ત્યારે તેતો વધારે બોલવા લાગ્યો જે હવે તારૂં હયાં કંઇ ચાલવાનું નથી. તેણીએ તેને ઘણી ધમકી આપી પણ તેને મનસે તો જાણે પવન. પછી તેને બેસાડી ત્યારે તેણી રડવા લાગી જેથી તેણીને પોતાના છોકરાએ દીલાસો આપી છાની રાખી.

હવે વાંચનારનું ધ્યાન મેલવીલ તરફ ખેંચીશું કારણકે બીજે દહાડે સવારના જેમ દરરોજ લુઇ મળવા આવતી તેમ આવી નહિ તેથી ધાસ્તી લાગી. કલાકના કલાક વહી ગયા, ને નાસ્તો તથા ખાનું પણ ખાધું નહિ. તેને કયાં ખબર હતી જે તણી તો ટીબેટસના કહેવાપર ફસી પડી હતી. તેણે પો-તાનું દુઃખ વીસરી જવાને પાછો દારૂ પીધો. હવે રાત થઇ તોપણ લુઇ આવી નહિ તેથી તેણે એક કાસદ મોકલવાનું નકી કીધું અને કાગલ લખીને એક લફંગા બીજાને આપી ને તેને મજુરીના પૈસા આપવા કબુલીને મોકલ્યો પણ તે

બપોરના પાછો આવ્યો ને ખબર લાવ્યો જે લુઇતો ત્યાં નથી.

આ વાત સાંભળી મેલવીલ ઘણા ધ્યાનથી વીચાર કરવા લાગ્યો, એટલે પેલા ત્રણે જણાએ વીચાર્યું જે એતો પોતાની બાયડીના પૈસાપર ભરૂસો રાખે છે, માટે હવે અહીં કંઇ મલવાનું નથી એમ કહીને તેઓ તેને એખલો મુકી ચાલી ગયા. હવે તે ખુબ તંગીમાં આવી પડયો.

પ્રકરણ ૧૯મું.

હવે તેણે જે જે લોકોને મદદ કરી હતી તેઓપર કાગળ લખ્યાં પણ ઉલટાં તેઓએ ધીક્કારથી તેના તરફ જોયું. હવે તેનાં દુઃખનો પાર રહયો નહિં, તેને થોડા થોડા દીવસે થોડી સીલીંગ જે મળતી તે દારૂ તેમજ બીડીને માટે તમાકુ ખરીદવામાં ખરચી નાંખતો હતો. પછી કેટલાક દીવસ વહી ગયા પણ લુઇની કાંઇ ખબર મળી નહીં, તે કેદખાનામાં એક વરસ રહયો અને દહાડા ને અઠવાડયાં ને મહિનાઓ સુધી લુઇને યાદ કીધી પણ પત્તોજ નહીં. તે એટલો તો નબળો થઇ ગયો કે પોતાના ખાટલાપરથી ઉતરવાનીબી શકતી નહતી. પણ એક સવારે તો તે ઘણોજ નબલો થઇ ગયો ને બીલકુલ ઉઠાયુંજ નહિ ત્યારે તે બોલવા લાગો જે "ઓ ઇશ્વર, મને કોઇ પાણી પાનાર મલે નહિ, અરે મારી લુઇ, તું કયાં હશે?" એવામાં બારણું ઉઘડયું ને લુઇ અંદર આવી. તેને જોઇ મેલવીલ બોલી ઉઠયો, "ઓ લુઇ! ઓ લુઇ! તું કયાં ગઇ હતી! તેં મને કેમ તજી દીધો છે?"

જયારે લુઇ તેની પાસે આવી ત્યારે તે એક બચ્ચાંની માફક તેના ખોલામાં ખુબ રડયો, અને હવે તે પોતાના પાપ અને ખરાબ કામને માટે પસ્તાવા લાગ્યો.

લુઇ બોલી "હું તમને કદી ભુલી જતે નહિ પણ એક જણના હાથમાં ફસી જવાથી એક એકાંત જગામાં ગઇ હતી. પછી તેણીનો છુટકારો કેમ થયો તે સઘળી હકીકતથી તેને વાકેફ કીધો ને કહ્યું કે મારા રડતા અવાજથી કોઇ મુસાફર, દૈવયોગે ત્યાંથી જતો હશે તેણે સાંભળ્યું અને ત્યાં આવી

જુએ છે તો મને બેભાન હાલતમાં દીઠી. પછી પેલા સાથે ખુબ મારામારી કરીને મને છોડાવી. તેણીએ વળી કહ્યું જે મને બચાવનાર કોઈજ નહિ પણ મારા મમાવા (માનો બાપ) હતા તેવણે મને કહ્યું કે જયારથી મારી છોકરી ગુમ થઇ ત્યારથી હું ઇંગ્લંડ આવી રહેલોછું. પણ હાલ મને મારી છોકરીને બદલે તેણીની છોકરી (હું) મળી છે તેથી મને પુરતો સધીઆરો મળે છે. અને વીકટર, એટલુંબી વધારે જાણો કે તમે **મારક્વીસ ડી સેન્ટ ઓબરે**ની છોકરીના જમાઈ થાવોછો.

જયારે વીકટર આ સઘળું સાંભળી રહયો ત્યારે પહેલાં તે જેટલો ફીકો પડી ગયો હતો તેનાથી વધુ ફીકો પડી ગયો ને લગભગ મોતની અણીપર આવ્યો. તેણે પોતાના છોકરાને હાથમાં લીધો ને કેટલીએક ચુમીઓ લીધી. પછી તે કંઇ બોલવા જતો હતો એટલામાંજ તેનો જીવ ગુંગળાઈને પેલી દુનીઆમાં પોતાના કરેલાં કરતુકનો જ[illegible] આપવા જઈ ઉભો.

તે દીવાલીઆની જેલમાં મરણ પામ્યો. તે પોતાની લુઇની જુદાઇના જુરાપાથી નબળો થઇ તેની નજર આગલજ મરણ પામ્યો, અને લુઈ ને નાનો વીકટર (છોકરાનું નામ) તેના મમાવાની સંભાળમાં રહ્યાં. ત્યાર પછી તેની ક્રીયા કરીને દફનાવ્યો અને લુઈ મારક્વીસને ત્યાં રહી.

હવે ભાઈઓ, જેઓ દારૂ અને શરાબ પીએ છે તેના વીકટરના જેવા હાલ થાય છે, નહિ તો છેક નબળી હાલતમાં આવી જાય છે. દારૂથી ઘણાજ માઠાં પરીણામો નીપજેછે, દારૂથી કલેજું બળી જાય છે ને ઉમરમાં ઘટાડો થાય છે. જોકે જેને દારૂની અથવા બીજાં વ્યસનની ટેવ પડી હોય તે કદી પાછી જતી નથી, કારણકે કેહવત છેકે "ટાહાડ જાએ રૂવે અને આદત જાએ મુવે" તેમ ગમે એવો ઠરાવ કરો પણ પડી ટેવ કદી ટળે નહિ. માટે રે ભાઈઓ, જેઓને એવી ટેવ હોય તે છોડી દેશો તો મોટો ફાયદો થશે.

સમાપ્ત.

એમ. જે. પોષ્ટવાલાના સુરત 'ખાદાબક્ષ' પ્રેસમાં છાપ્યું.

ભુત પીશાચ શાકેણી ડાકેણી ખવીશ દેવ દેવીઓના
ચીત્રો અને મંત્ર જંત્ર તંત્ર જાદુના હેરત પમાડે તેવા નીચે લખેલ
બંન્ને પુસ્તકો નીચલે ઠેકાણે મળે છે.

ભુત વિદ્યા.

પ્રથમ નામ નોંધાવનારને પંદર દીવસની અંદરમાં ઉપરનું પુસ્તક મળશે. પ્રથમ અને નસીબની અજમાયસ તરીકે એક સારૂં ઇનામ મુકવામાં આવશે. પ્રથમ થએલા ગ્રાહકોનું લીસ્ટ કાઢી બહાર પાડેલ ઇનામની ચીઠીઓ કાઢી જેને ભાગ્યે આવે તેને ઇનામ મળશે. રૂ. ૧) મોકલી તે સાથે તમારૂં નામ નીસાન લખી ગ્રાહક થાઓ. પાછળથી દોઢ રૂપીયો.

દેવતાઇ જાદુગર — કીમત આઠ આના

પ્રથમ આવૃત્તીની થોડીજ નકલ સીલકમાં છે. એમાં ભુત, પીસાચ, ડાકેણી, સાકેણી વીગેરેના સુંદર ચીત્રો છે, અને વધારામાં જાદુના ખેલો પણ છે. એકવખત મંગાવી જરૂર વાંચો. થોડી રહેવા આવી છે.

છપાયછે! મંત્ર જંત્રનું નવુંજ પુસ્તક છપાયછે!

ગુપ્ત ઇન્દ્ર જાળ — કીમત ચાર આના

પ્રથમથી પૈસા મોકલવા શીવાય મંગાવવા તસ્દી લેવી નહિં.

નવી નવાઇના નવા પુસ્તકો લેશો કે?

ગમ્મત ઘંટ — કીમત ચાર આના

આમાંથી ખાટી ખાટી છાસ કાઢી નાખી તારવી લીધેલાં ઉમદા માખણનો મરકો રેહવા દીધો છે, અને તેમાં મુર્ખાના મામેરા અને એક લના દુસમનોના ચરીત્ર તેમાં દાખલ કીધાં છે; તેમાંજ ગમ્મતના ઘુટકા રહ્યા છે. તાકીદે પઇસા મોકલી મંગાવી લો.

નેસંગભાઇ મોતીલાલ સાહ
રીચીરોડ, અમદાવાદ.
બુકસેલર એન્ડ કમીસન એજંટ
તથા એમ. જે. પોરંટવાલા નાણાવટ, સુરત.

મફત ટપાલ ખરચ મોકલેથી દરેક લાઇબ્રેરીમાં, રીડીંગ રૂમમાં, ધરમશાળાઓમાં, ધરમના જાહેર મકાનોમાં, વાંચવાની જગોપર મુફતમાં મળશે. નીચે મુજબ દરેકનો ટપાલ તથા પેકીંગ ચારજ મોકલવો.

૦)— માસીક અખ્મની ફાઇલ પુસ્તક ૬ ઠું બાઇડીંગસાથે રૂ.૦ાા ચાલુ.
૦ા માસીક ગોદાવરીની ફાઇલ પુસ્તક ૧ બાઇડીંગસાથે રૂ.૦ાા
૦)— ગોરંદે અવસલા ૦ા—
૦)ાા પંચાંગ ૧૯૫૧નું ૫૦ પાનાનું ૦)—
૦)ાા આવતા નવાવર્ષનું પંચાંગ ૦)—
૦ા પરચુરણ પત્રકો કીમત રૂ.૧) એમ. જે. પોરંટવાલા સુરત

[illegible] અને [illegible] જાતી [illegible] દવાઓ.

મદન સંજીવની ગોળીઓ.

[illegible] ([illegible]) [illegible]

[illegible] નપુંસકપણું [illegible] અને [illegible] સ્વપ્નાવસ્થા [illegible] [illegible] [illegible] પ્રાપ્ત થાય છે. [illegible] પ્રાપ્ત થાય છે. [illegible] સંપૂર્ણ અને [illegible] પ્રાપ્ત થઈને [illegible] ૨૦ થી ૫૦ ગોળીઓ [illegible] ૧૦ આના

અદ્ભુત ચમત્કાર   મદન સંજીવની તેલ.

૩૦૦૦ ઉપર વેચાઈ ગયું છે કેવળ ખાત્રીનું છે.

[illegible] નપુંસકપણું [illegible] ક્ષીણતા અને સ્વપ્નાવસ્થા, [illegible] આ ચમત્કારીક તેલ [illegible] પ્રાપ્ત થાય છે. અને [illegible] આ [illegible] થાય છે. [illegible] આ તેલ- થી [illegible]

[illegible] ૨—૪—૦ [illegible] ૨—૧—૦ [illegible]

[illegible] અને દવાઓ [illegible] છે તોપણ અને દવાઓ [illegible] ઉપયોગમાં લેવાથી [illegible] છે.

વિદ્વાન ડાક્તરોનાં સરટીફીકેટ.

મદન સંજીવની ગોળી અને તેલ વિદ્વાન ડાક્તરોના વાપરવામાં [illegible] આવેલા છે. અને [illegible] ઉપર ઉત્તમ ગુણકારક [illegible]

ડાક્તર ડી. બી. ગુલેલ. એમ. ડી.

આ દવાઓ યથાયોગ્ય વાપરવાથી [illegible] ગુણકારક [illegible] છે એવું [illegible] અને [illegible] **[illegible]**

આ [illegible] માટે આ [illegible] ઉપયોગી અને [illegible] છે.

ડાક્તર [illegible] એમ. ડી.

દવાઓ [illegible] મળશે.

ઠેકાણું—[illegible] અને [illegible]

[illegible] મુંબઈ.

[illegible]